
વર્ષ : ૩૫
અંક : ૯
સપ્ટેમ્બર-૨૦૧૧

Retail Price Rs. 5/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

## આધ્યાત્મિક મુખપત્ર



પ્રભુ મહાવીરને પારણું કરાવતા ચંદનબાળા

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : srask@rediffmail.com, Web.: www.shrimad-koba.org

## આપણી સંસ્થામાં યોજાયેલ શ્રી પર્યુષણ મહાપર્વની આરાધનાની તસવીરો



પૂજ્યશ્રીનું પાવન સાન્નિધ્ય



આદ.પંડિતશ્રી ડો. સાગરમલજી જૈન



ધ્યાનનો અભ્યાસ કરાવતાં આદ.શ્રી ડો.એસ.ટી. કોટક



'પદ્મપુરાણ'ની કથા પ્રસ્તુત કરતાં આદ.બા.બ્ર. સુરેશજી

## ભક્તિસંગીતની વેળાએ



શ્રી પિકોલાબેન તથા ડો. નિમેશભાઈ શાહ



યુવાભક્તિ ગ્રુપ, કોબા



શ્રી હસિતભાઈ પટેલ, શ્રી શીલાબેન પંડ્યા



ઉપસ્થિત મુમુક્ષુઓ

-: પ્રેરક :-
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: સંપાદક :-
**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨
srask@rediffmail.com
www.shrimad-koba.org

-: લવાજમ શ્રેણી :-
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૧૮૦
આજીવન રૂા. ૭૫૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 2500
$-60, £-35
આજીવન : Rs. 7000
$-170, £-110
By Sea Mail
આજીવન : Rs. 3500
$-85, £-60

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ..........શ્રીમદ્ રાજચંદ્રજી..... ૩
(૨) અંતરનિરીક્ષણ........ પૂજ્યશ્રી આત્માનંદજી..... ૪
(૩) રત્નત્રય ................શ્રી મણિભાઈ શાહ...... ૬
(૪) પ્રકાશમાં દેખાતું જીવનનું સ્વપ્ન .............
......................ડૉ. કુમારપાળ દેસાઈ..... ૯
(૫) શ્રી પદ્મનંદિ આચાર્ય ...પ્રા. ચંદાબહેન પંચાલી.... ૧૩
(૬) બાર ભાવના ................પૂજ્ય બહેનશ્રી.... ૧૫
(૭) શ્રી આનંદઘન ચોવીશી .. શ્રી અશોકભાઈ શાહ.... ૧૮
(૮) અપૂર્વ અવસર........... શ્રી વલભજી હીરજી.... ૨૨
(૯) મહાવીર પ્રભુને કેવળજ્ઞાન............................ ૨૩
(૧૦) આચરણ તો પરિઘ........ શ્રી ધૂની માંડલિયા.... ૨૫
(૧૧) માનવીને ક્યાં ખબર ......શ્રી કિરીટભાઈ શેઠ.... ૨૬
(૧૨) બાળવિભાગ .......... શ્રી મિતેશભાઈ શાહ.... ૨૮
(૧૩) Yuva Times ........................................... ૩૦
(૧૪) 'જીવનદૃષ્ટિ' દિવાળી પુસ્તિકા .................... ૩૨
(૧૫) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૫
(૧૬) યુવાશિબિરનું ફોર્મ .............................. ૩૯


**વર્ષ : ૩૫ સપ્ટેમ્બર, ૨૦૧૧ અંક - ૯**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨
srask@rediffmail.com
www.shrimad-koba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદક મંડળને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદક મંડળનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે કૃપાનાથ !**

પ્રચંડ પ્રતિકૂળતા વચ્ચે પણ તારું સ્મિત મને દેખાઈ જાય છે, અને તારો આ બાળક પુનઃ આનંદને માણતો થાય છે. કર્તાબુદ્ધિના વિષ રગરગમાં ચડી ગયાં હોય એવા તીવ્ર સંસારીને પ્રતિકૂળતાનો એક જ પ્રસંગ શાંત બનાવીને વિચારતો કરી દે છે. તારું અસ્તિત્વ સિદ્ધ કરવાનો આ સરળ ઉપાય છે. ગમતું અને નહિ ગમતું બધું જ સંઘરીને બેઠેલું મન પણ અસહાય થાય ત્યારે જ વિશ્રામ લે છે. તારી અથાક કરુણા અમને અચરજ પમાડે છે. પ્રતિકૂળતામાં તને વળગી પડનારા અમે અનુકૂળતામાં યાદ પણ નથી કરતા. આવું પુનઃ પુનઃ થવા છતાં તારું એ સ્મિત તો સદાય વરસ્યા જ કરે છે. પરમ શાંતિની સમીપે જવાના માર્ગે પળે પળે તું અમને દોરવણી આપે છે અને બદલામાં કંઈ પણ સ્વીકારતો નથી. આ તે કેવી તારી મગરૂરી છે ! તું ન સ્વીકારે છતાં હું વચન આપું છું કે તારા બતાવેલા માર્ગે શીઘ્રાતિશીઘ્ર હું આ આવ્યો. મને તારામાં સમાવી લે.

**હે ગુરુદેવ !**

જન્મમરણરહિતના અર્થાત્ મુક્તિ કહું કે બ્રાહ્મી દશા કહું પણ તે પરમપદદશાનું કારણ તો રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાનથી રહિત થવું એ છે. આ દોષો ગયા કે મને નિજ સ્વરૂપનું ભાન થાય, હું પરમ શુદ્ધ દશાને પ્રાપ્ત થાઉં, ન તો મને કોઈ દિશાનું બંધન રહે કે ન તો કોઈ કાળનું બંધન રહે. મુક્તિનું પરમપદ પ્રાપ્ત થાય અને માનવભવ ધન્ય બને એ ભાવના ભાવું છું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥


# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

**પત્રાંક - ૭૭૩**

**વવાણિયા, ચૈત્ર સુદ ૧૫, શનિ, ૧૯૫૩**

### શ્રી સર્વજ્ઞાય નમઃ



જે વેદનીય પર ઔષધ અસર કરે છે, તે ઔષધ વેદનીયનો બંધ વસ્તુતાએ નિવૃત્ત કરી શકે છે, એમ કહ્યું નથી, કેમકે તે ઔષધ અશુભકર્મરૂપ વેદનીયનો નાશ કરે તો અશુભકર્મ નિષ્ફળ થાય અથવા ઔષધ શુભ કર્મરૂપ કહેવાય. પણ ત્યાં એમ સમજવું યોગ્ય છે કે તે અશુભ કર્મ વેદનીય એવા પ્રકારની છે કે તેને પરિણામાંતર પામવામાં ઔષધાદિ નિમિત્ત કારણરૂપ થઈ શકે. મંદ કે મધ્યમ શુભ અથવા અશુભ બંધને કોઈ એક સ્વજાતીય કર્મ મળવાથી ઉત્કૃષ્ટ બંધ પણ થઈ શકે છે. મંદ કે મધ્યમ બાંધેલા કેટલાએક શુભ બંધને કોઈ એક અશુભ કર્મવિશેષના પરાભવથી અશુભ પરિણામીપણું થાય છે. તેમજ તેવા અશુભ બંધને કોઈ એક શુભકર્મના યોગથી શુભ પરિણામીપણું થાય છે.

મુખ્ય કરીને બંધ પરિણામાનુસાર થાય છે. કોઈ એક મનુષ્યે કોઈ એક મનુષ્યપ્રાણીનો તીવ્ર પરિણામે નાશ કરવાથી તેણે નિકાચિત કર્મ ઉત્પન્ન કર્યું છતાં કેટલાક બચાવના કારણથી અને સાક્ષી આદિના અભાવથી રાજનીતિના ધોરણમાં તે કર્મ કરનાર મનુષ્ય છૂટી જાય તેથી કાંઈ તેનો બંધ નિકાચિત નહીં હોય એમ સમજવા યોગ્ય નથી, તેના વિપાકનો ઉદય થવાનો વખત દૂર હોય તેથી પણ એમ બને. વળી કેટલાક અપરાધમાં રાજનીતિના ધોરણે શિક્ષા થાય છે તે પણ કર્તાના પરિણામવત્ જ છે એમ એકાંતે નથી, અથવા તે શિક્ષા કોઈ આગળ ઉત્પન્ન કરેલા અશુભ કર્મના ઉદયરૂપ પણ હોય છે; અને વર્તમાન કર્મબંધ સત્તામાં પડ્યા રહે છે, જે યથાવસરે વિપાક આપે છે.

સામાન્યપણે અસત્યાદિ કરતાં હિંસાનું પાપ વિશેષ છે. પણ વિશેષ દૃષ્ટિએ તો હિંસા કરતાં અસત્યાદિનું પાપ એકાંતે ઓછું જ છે એમ ન સમજવું, અથવા વધારે છે એમ પણ એકાંતે ન સમજવું. હિંસાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તેના કર્તાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને તેનો બંધ કર્તાને થાય છે. તેમ જ અસત્યાદિના સંબંધમાં પણ સમજવા યોગ્ય છે. કોઈએક હિંસા કરતાં કોઈએક અસત્યાદિનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે, તેમ જ કોઈએક અસત્યાદિ કરતાં કોઈએક હિંસાનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે.


ત્યાગની વારંવાર વિશેષ જિજ્ઞાસા છતાં, સંસાર પ્રત્યે વિશેષ ઉદાસીનતા છતાં, કોઈએક પૂર્વકર્મના બળવાનપણાથી જે જીવ ગૃહસ્થાવાસ ત્યાગી શકતા નથી, તે પુરુષ ગૃહસ્થાવાસમાં કુટુંબાદિના નિર્વાહ અર્થે જે કંઇ પ્રવૃત્તિ કરે છે, તેમાં તેનાં પરિણામ જેવાં જેવાં વર્તે છે, તે તે પ્રમાણે બંધાદિ થાય. મોહ છતાં અનુકંપા માનવાથી કે પ્રમાદ છતાં ઉદય માનવાથી કંઇ કર્મબંધ ભૂલથાપ ખાતો નથી. તે તો યથાપરિણામ બંધપણું પામે છે. કર્મના સૂક્ષ્મ પ્રકારોને મતિ વિચારી ન શકે તોપણ શુભ અને અશુભ કર્મ સફળ છે, એ નિશ્ચય જીવે વિસ્મરણ કરવો નહીં.

પ્રત્યક્ષ પરમ ઉપકારી હોવાથી તથા સિદ્ધપદના બતાવનાર પણ તેઓ હોવાથી સિદ્ધ કરતાં અર્હંતને પ્રથમ નમસ્કાર કર્યો છે.

■ ■ ■

# અંતરનિરીક્ષણ કેવી રીતે કરવું ?

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



અંતરનિરીક્ષણ એટલે અંતઃ + નિ + ઈક્ષણ. અંતરમાં ચિત્તવૃત્તિ લઈ જવી, વિચારધારાને સ્વસન્મુખ કરવી તે. અંતર એટલે આપણું સાચું વર્તમાન - ભાવાત્મક જગત. આમ તો અંતર એટલે આપણું મૂળ સ્વરૂપ આત્મા કે જે દ્રવ્ય, ગુણ અને પર્યાય યુક્ત છે. દ્રવ્ય તે કાયમ એકસરખું રહે છે, જેમાં અનેક પ્રકારની શક્તિઓ છે. તે વિચારી પણ શકે છે, શ્રદ્ધા પણ કરી શકે છે, ગુસ્સો પણ કરી શકે છે, ક્ષમા પણ રાખી શકે છે. આ બધું આપણી શક્તિ, આપણા ભાવ અને જીવનના ધ્યેય પ્રમાણે થાય છે. આ દ્રવ્યમાં ગુણો પણ છે. તે ગુણો દ્રવ્યના આશ્રયે રહે છે. તે ગુણોની સમયે-સમયે અવસ્થા (પર્યાય) બદલાય છે. દ્રવ્યમાં કંઈ ફેરફાર થતો નથી પણ ગુણ અને પર્યાય બદલાય છે. ગુણોનું પ્રવર્તન પર્યાયમાં થાય ત્યારે જ બંધ - મોક્ષની વ્યવસ્થા થાય છે અને કહેવત પણ છે કે, **'જેવા ભાવ તેવા ભવ'**.

ભાવ એટલે વર્તમાન સમયના પરિણામ, જે સમયે સમયે બદલાય છે. કારણ કે બંધ - મોક્ષભાવ તે પર્યાયમાં છે. હવે આપણે એવો પુરુષાર્થ કરવાનો છે કે જેના દ્વારા આપણા વર્તમાન જીવનમાં ઉત્તમ ગુણો પ્રગટે, સાચી સમજણ પ્રગટે, શ્રદ્ધા રૂડી અને પ્રશંસનીય થાય તેમજ સાચી ધ્યાનદશા પ્રગટે. જીવ જ્યારે બેધ્યાન થાય છે ત્યારે તેનું ચિત્ત ચંચળ બની જાય છે. સુધ્યાનમાં આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય જેવી અનેક શ્રેણીઓ છે, જેના ચિંતન દ્વારા ચિત્ત નિર્મળ બને છે. અધ્યત્મયોગીશ્વર શ્રી પૂજ્યપાદ સ્વામીએ ઈષ્ટોપદેશ શ્લોક નં. ૨૦ માં કહ્યું છે કે,

इतश्चिन्तामणिर्दिव्य इतः पिण्याकखण्डकम् ।
ध्यानेन चेदुभे लम्ये क्वादियन्तां विवेकिनः ॥ २० ॥

ભગવાને બે પ્રકારના ધ્યાન કહ્યાં છે, (૧) ધર્મધ્યાન અને (૨) આર્ત્ત-રૌદ્ર ધ્યાન. પહેલું ધર્મધ્યાન તે ચિંતામણી રત્ન સમાન છે, જે ક્રમે કરીને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે, જ્યારે આર્ત્ત-રૌદ્ર ધ્યાન તે કાચના ટુકડા જેવું છે. જે નરક - નિગોદમાં લઈ જાય છે. માટે વિવેકી મનુષ્યે નિર્ણય કરવો કે મારે શું જોઈએ છે ? સુખ કે દુઃખ ? જેવું ફળ જોઈતું હોય તેવું જીવન જીવવું અને તેને માટે નિરંતર અંતરનિરીક્ષણ કરતા રહેવું. અંતરનિરીક્ષણ એટલે હું આંખો બંધ કરીને બેસું છું તો મને કેવા વિચારો આવે છે ? કેવી જાતના આવે છે ? કયા કયા પદાર્થો સંબંધી આવે છે ? ઈત્યાદિ તપાસવું. સાચું અંતરનિરીક્ષણ કર્યું ત્યારે કહેવાય કે જ્યારે જે વિચારો આવે તે વિચારોમાં તે ભળે નહિ. દા.ત. બકરીના ગળામાં બાંધેલ દોરડાને એક ઝાડના થડ સાથે બાંધી દેવામાં આવે તો તે બકરી જેટલી દોરડાની લંબાઈ હશે તેટલે સુધી જ જઈ શકશે. તેનાથી આગળ જઈ શકશે નહિ. તેમ મહાપુરુષો પણ પોતાના મનને જ્ઞાનરૂપી દોરડાથી બાંધી દે છે. તેથી તેમનું મન ગમે તેવા વિચારોમાં તણાઈ જતું નથી. અંતરનિરીક્ષણ ત્યારે કર્યું કહેવાય કે જ્યારે વિચારોના વંટોળને આધીન ન થઈએ અને તે વિચારોને આપણે મોક્ષપ્રેરક, મોક્ષદાયક બનાવીએ. આમ, અતંરનિરીક્ષણ એટલે ધ્યાન. માટે એવી ભાવના ભાવવી જોઈએ કે આ વિચારોથી હું જુદો છું. એવો જ્ઞાનાભ્યાસ, ધ્યાનાભ્યાસ, વૈરાગ્યાભ્યાસ કરવો તથા મહાપુરુષોના ચરિત્રોનું ચિંતન કરવું તો સાચું

અંતરનિરીક્ષણ કર્યું કહેવાય. ફાલતુ, ખરાબ, પાપવર્ધક વિચારો ન કરવાં તેને ક્ષીર-નીર વિવેક કહે છે. સ્વર્ગ અને મોક્ષમાં લઈ જાય તેવા વિચારો થાય તેને સાચું અંતરનિરીક્ષણ કહે છે. માટે એવો પુરુષાર્થ કરવો કે આત્મામાં કોઈપણ અશુભ વિચારો આવે જ નહિ. કાં તો સ્વાધ્યાયમાં એકાગ્રતા કરવી, કાં તો ભગવાનના ચરણનું ધ્યાન કરવું પણ નીચ ગતિ થાય તેવા વિચારો કરવા નહીં.

અંતરનિરીક્ષણ કરવા માટે પ્રથમ તો આપણે આત્માર્થી બનવું જોઈએ, મુમુક્ષુ બનવું જોઈએ. આવા આત્માર્થીના લક્ષણો પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિમાં કહ્યાં છે,

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**
**"દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;**
**મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ."**

શિક્ષાપાઠ-૧૦૦ માં કૃપાળુદેવે મનોવિઘ્નના જે ૧૮ કારણો બતાવ્યાં છે તેનો અભ્યાસ કરવાથી સાચું અંતરનિરીક્ષણ થઈ શકશે. તેના માટે આત્માના જે સ્વભાવ રૂપ વિચારો છે તેને કરવાં અને તેનાથી વિરુદ્ધના ભાવો ન કરવાં. જે સમયે વિભાવભાવ થાય તે સમયે ભગવાનની સામે ત્રાટક કરવું, મંત્ર-લેખન કરવું, તેમાં મન ન લાગે તો અગાસીમાં આંટા મારવા તથા મોટેથી મંત્રજાપ કરવો. આમ કરવાથી ખરાબ વિચારો ધીમે ધીમે ઘટી જશે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શિક્ષાપાઠ-૧૫ માં કહ્યું છે,

"શુભ ભાવ વડે મન શુદ્ધ કરો,
નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો,
ભજીને ભગવંત ભવંત લહો."

કોઈ હોંશિયાર ગૃહિણી ઘઉં વીણે ત્યારે તે કાંકરા, કસ્તર અને ઘઉંને જુદાં પાડી દે છે તેમ સારા સારા વિચારો તે સ્વર્ગ અને મોક્ષ પ્રદાન કરનાર છે તે કરવાં તથા જે તેનાથી વિરુદ્ધના વિભાવભાવો છે તેનો ત્યાગ કરવો તેનું નામ સાચું અંતરનિરીક્ષણ છે. આ કામ સહેલું નથી પરંતુ જેમ જેમ જ્ઞાન - ધ્યાન- વૈરાગ્યની વૃદ્ધિ થશે, દીર્ઘકાળ સુધી તેનો અભ્યાસ થશે તેમ તેમ તે સહજતાથી થશે. માટે પ્રથમ તો જેણે અંતરનિરીક્ષણ કરવું તેણે શેનો ત્યાગ કરવો, શેનું ગ્રહણ કરવું તે જાણવું તથા તેને અમલમાં મૂકવાનો પુરુષાર્થ કરવો. જે પવિત્ર નથી, જે નિયમ-વ્રત પાળતો નથી, દુન્યવી કાર્યોમાં રોકાયેલો રહે છે, જે આર્ત્ત-રૌદ્ર ધ્યાન કર્યા કરે છે, જેનું ચિત્ત ચંચળ છે, જે અભક્ષ્યનું સેવન કરે છે તેને સાચું ધ્યાન લાગતું નથી. માટે આપણે આપણો પુરુષાર્થ વધારવો. આપણે એવા વિચારો કરવાં, એવી પ્રવૃત્તિ કરવી કે જે મનને મલિન ન કરે.

અંતર (આત્મા) અને બાહ્ય (પર પદાર્થો) બંને જુદાં પડે ત્યારે અંતર નિરીક્ષણનું સાચું પરિણામ આવ્યું કહેવાય. માત્ર એકલું નિરીક્ષણ કરવાથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી પરંતુ સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, સાચી એકાગ્રતા આ ત્રણ ભેગાં થયે ઊપજતો જીવનો શુદ્ધભાવ તે મોક્ષમાર્ગનો એકડો છે. દશલાખ સુભટોને એકલે હાથે જીતવામાં જે પરાક્રમ જોઈએ તેના કરતાં વધુ પરાક્રમ મોક્ષપ્રાપ્તિ માટે જરૂરી છે. આપણા માટે તો જીવનમાં ભગવાનના ચરણની સાચી ભક્તિ પ્રગટે, આપણા ભાવો નિર્મળ થાય અને આત્મદર્શનનો લક્ષ બંધાય તો ક્રમે કરીને ભગવતકૃપાએ અને આપણા પુરુષાર્થ દ્વારા આપણું કામ થઈ જશે. ધીર, વીર અને ગંભીર પુરુષોને જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. આપણે આત્મિક સુખને પ્રાથમિકતા આપી, પ્રામાણિકપણે, પ્રબુદ્ધ રીતે, પરાક્રમયુક્ત સત્પુરુષાર્થ કરી સાચું અંતરનિરીક્ષણ કરી આ માનવભવને સફળ કરી લેવો એવી સત્પુરુષોની આજ્ઞા છે.

॥ ૐ શાતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# રત્નત્રય

## સમ્યક્જ્ઞાન - અજીવ, આસ્રવ

(ક્રમાંક - ૧૫)

મણિભાઈ ઝ. શાહ

(ગતાંકથી ચાલુ...)

રત્નત્રય એટલે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપી ત્રણ રત્નો. મોક્ષે જવા માટે જીવને માટે આ જાણવાં, શ્રદ્ધવાં અને આચરવાં એ જરૂરી છે. આ પૈકી સમ્યગ્દર્શન વિષેની વિચારણા પૂરી કરી, સમ્યક્જ્ઞાનની વિચારણા ચાલુ છે.

'હું આ શરીર નથી, પણ શરીરમાં રહેલો આત્મા છું અને મને મળતાં સુખ-દુઃખ એ મારા પોતાનાં કર્મો પ્રમાણે મળે છે' - આવી પૂરી શ્રદ્ધા થાય તેનું નામ સમ્યગ્દર્શન. તો એ આત્મા એટલે શું અને મને કર્મો શી રીતે બંધાય છે વગેરે વિષે જાણવું તેનું નામ સમ્યક્જ્ઞાન. શાસ્ત્રની ભાષામાં સાત-નવ તત્ત્વો વિષેનું યથાર્થ જ્ઞાન તે સમ્યક્જ્ઞાન. આ તત્ત્વો છે : જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. બંધના બે પેટાભાગ છે : પુણ્ય અને પાપ. એને સ્વતંત્ર તત્ત્વો ગણે તો નવ તત્ત્વો કહેવાય. આ પૈકી જીવ તત્ત્વ વિષે આપણે જોઈ ગયા. હવે અજીવ તત્ત્વ વિષે જોઈએ.

### અજીવ

જેનામાં જીવ નથી તે. એટલે કે જીવ સિવાયના જગતના બધા પદાર્થો અજીવ છે. એનાં નાનાં રજકણો - પરમાણુ પણ હોય અને અમુક પરમાણુ જોડાઈને મોટો પદાર્થ પણ બને. શાસ્ત્રની ભાષામાં એને પુદ્ગલ કહે છે. એટલે કે **'પુરયતિ, ગલયતિ ઈતિ પુદ્ગલ'** એનો અર્થ એ કે તે જોડાય અને છૂટાં પણ પડી જાય. અને આ પુદ્ગલો સર્વત્ર હોય છે. એને સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ (રંગ) હોય છે. એની ઉપર બહારના વાતાવરણની અસરથી અથવા કોઈ આત્માને લાગેલો હોય તો આત્માના ભાવ પ્રમાણે એનામાં ફેરફાર થાય છે.

એક દાખલો લઈએ. આપણું શરીર પુદ્ગલોનું બનેલું છે. જ્યાં સુધી અંદર આત્મા છે ત્યાં સુધી એ પુદ્ગલો આત્માના ભાવ મુજબ ફેરફાર પામે છે. આત્મા જતો રહ્યા પછી શરીરને બધા બાળી નાખે છે કે જમીનમાં દાટી દે છે. એટલે શરીરના પુદ્ગલો રાખ કે માટીના રૂપમાં પરિવર્તન પામે છે. એ રાખ કે માટી ખેતરમાં લોકો નાખે એટલે એ ખાતર તરીકે થાય અને છોડ એને ચૂસે. એટલે એ પુદ્ગલ છોડ તરીકે થાય. છોડને દાણા આવે એટલે એ પુદ્ગલ દાણા તરીકે થાય. એ દાણા માણસ ખાય એટલે એ માણસના શરીર તરીકેનાં પુદ્ગલ થાય. આમ અનાદિકાળથી ચાલ્યું આવ્યું છે.

બીજો દાખલો જોઈએ. આત્મામાં ક્રોધ આવે એટલે બહારથી કર્મનાં પુદ્ગલો આત્મા તરફ આકર્ષાય અને ક્રોધ-કર્મરૂપી પુદ્ગલમાં પરિણમે. પછી યોગ્ય સમયે એ પુદ્ગલ આત્મામાંથી છૂટો પડી ખરી જાય, પણ તે વખતે એની ઉપર પડેલા સંસ્કારને લીધે બહારથી બીજો પુદ્ગલ આત્મા તરફ આકર્ષાય અને ક્રોધ-કર્મ રૂપી બની આત્મામાં એનો સમય થાય ત્યાં સુધી રહે. આમ, પુદ્ગલ

વિષે આપણને વ્યવહારમાં બહુ ખ્યાલ નથી આવતો પરંતુ કેવળી ભગવંતોએ કેવળજ્ઞાનથી જોઈને તે કહ્યું છે તે દ્વારા કંઈક ખ્યાલ આવે છે. આમ, અજીવ તત્ત્વ વિષે જેટલી વિચારણા કરીએ તેટલી ઓછી છે. મુખ્યત્વે તે કર્મરૂપે પરિણમે છે તે જાણી લેવું જોઈએ. હવે આસ્રવ તત્ત્વ વિષે જોઈએ.

## આસ્રવ

આસ્રવ એટલે કર્મોનું આત્મા તરફ આવવું તે. આ માટે ટૂંકમાં વિચારીએ તો જ્યારે આપણે મનથી કંઈ પણ વિચારીએ, કે વાણીથી કંઈ પણ બોલીએ કે શરીરથી કંઈ પણ ક્રિયા કરીએ ત્યારે આપણા આત્મામાં એક જાતની ધ્રુજારી ઉત્પન્ન થાય છે, જેને લીધે આજુબાજુ રહેલાં કર્મોનાં રજકણો - પુદ્ગલો આત્મા તરફ આકર્ષાય છે. આ છે આસ્રવ. આને વિગતવાર જાણવા માટે એના ૫૭ પ્રકારે ભેદ કહ્યાં છે, જે નીચે પ્રમાણે છે.

**આસ્રવના ભેદ :**

(૧) મિથ્યાત્વ - પાંચ પ્રકારે.

(૨) અવિરતિ - બાર પ્રકારે.

(૩) પ્રમાદ - પંદર પ્રકારે.

(૪) કષાય - ચાર પ્રકારે (દરેકના ચાર ચાર ભેદ = ૧૬)

(૫) નોકષાય - નવ પ્રકારે.

---

કુલ = ૫૭ પ્રકાર

હવે આ દરેક વિષે ટૂંકમાં જોઈએ.

## સત્તાવન પ્રકારના આસ્રવ

**[૧] મિથ્યાત્વ** - પાંચ પ્રકારનાં.

(૧) **વિપરીત :** ભગવાને કહેલી વાતથી અવળું માનવું તે.

(૨) **એકાંત :** ભગવાને કહેલી વાતમાંથી અમુક માનવું અને અમુક ન માનવું.

(૩) **વિનય :** સાચા દેવ, શાસ્ત્ર, ગુરુનો વિનય ન કરવો અને કુદેવ, કુશાસ્ત્ર, કુગુરુનો વિનય કરવો તે.

(૪) **સંશય :** ભગવાને કહેલી વાત સાચી છે કે કેમ એ કોણ જોવા ગયું છે એમ માની એમાં સંશય કરવો તે.

(૫) **અજ્ઞાન :** ભગવાને કહેલી વાત જાણીએ તો આ પાપ અને આ પાપ નહીં એમ લાગે. જાણીએ જ નહીં તો પાપ ન લાગે - આવું માનવું તે.

**[૨] અવિરતિ :** એટલે અસંયમી દશા. એના મુખ્યત્વે બે પ્રકાર છે : (અ) ઈન્દ્રિય અવિરતિ, (બ) પ્રાણીહિંસા. આ દરેકના છ પ્રકાર છે :

**(અ)** (૧) સ્પર્શેન્દ્રિય દ્વારા અસંયમ. (૨) રસ ઈન્દ્રિય દ્વારા અસંયમ. (૩) ગંધ - આ ઈન્દ્રિય દ્વારા અસંયમ. (૪) ચક્ષુ - આ ઈન્દ્રિય દ્વારા અસંયમ. (૫) કર્ણ - આ ઈન્દ્રિય દ્વારા અસંયમ. (૬) મન દ્વારા અસંયમ.

**(બ)** (૧) પૃથ્વીકાયની દયા ન કરવી તે. (૨) જળકાય જીવની હિંસા કરવી. (૩) વાયુકાય જીવની હિંસા કરવી. (૪) વનસ્પતિકાય જીવની હિંસા કરવી.(૫) અગ્નિકાય જીવની હિંસા કરવી. (૬) ત્રસકાય જીવની હિંસા કરવી.

**[3] પ્રમાદ :** આના પંદર પ્રકાર છે.

(૧) પાંચ ઈન્દ્રિયોના વિષયમાં પ્રમાદ. (૨) ચાર કષાય - ક્રોધ, માન, માયા ને લોભ. (૩) ચાર વિકથાઓ - ચોરકથા, સ્ત્રીકથા, ભોજનકથા

અને રાજકથા - આમાં રસ પડવો તે. (૪) સ્નેહ - રાગ (૫) નિદ્રા. કુલ પંદર પ્રકારના પ્રમાદ.

**[૪] કષાય :** ચાર પ્રકારના કષાય - ઉપર કહ્યાં તે. અને દરેકના ચાર ચાર ભેદ - આ પ્રમાણે.

(૧) અનંતાનુબંધી - અતિ તીવ્ર. (૨) અપ્રત્યાખ્યાન - તીવ્ર. (૩) પ્રત્યાખ્યાન - મંદ (૪) સંજ્વલન - અતિમંદ. કુલ સોળ પ્રકાર.

**[૫] નોકષાય :** આ નોકષાય એ કર્મબંધની દૃષ્ટિએ કષાય કરતાં સ્હેજ ઓછા છે પણ એક નોકષાય બે-ચાર કષાય - નોકષાય જન્માવી શકે તેવી તેનામાં તાકાત હોય છે.

(૧) **હાસ્ય :** મશ્કરીના રૂપમાં કોઈને ઉતારી પાડવા હસવું તે. (૨) **રતિ :** કોઈ વસ્તુ બહુ જ ગમવી તે. (૩) **અરતિ** - કોઈ વસ્તુ પ્રત્યે ખૂબ જ અણગમો. (૪) **શોક** - આ વિષે જાણવા જેવું છે કે મને શોક થાય તેવો પ્રસંગ બને એટલે આ શોક નોકષાય ખરી પડે. પણ તે વખતે નવો શોક કરીએ એટલે નવું શોક કર્મ બંધાય. (૫) **ભય :** ભય લાગે તેવો બનાવ બનવો તે. (૬) **જાુગુપ્સા :** ચિતરી ચઢવી તે. કોઈ ગંદી વસ્તુ જોઈને જાુગુપ્સા જાગે છે પણ ખરેખર તો એક પ્રકારનાં પુદ્‌ગલ છે. (૭) **પુરુષવેદ** - સ્ત્રી પ્રત્યે આકર્ષણ. (૮) **સ્ત્રી વેદ :** પુરુષ પ્રત્યે આકર્ષણ (૯) **નપુંસક વેદ** - પુરુષ અને સ્ત્રી બેઉ પ્રત્યે આકર્ષણ.

આ પ્રમાણે આસ્રવના કુલ સત્તાવન પ્રકારના ભેદ કહ્યાં છે. બીજા તત્ત્વ વિષે હવે પછી.

**(ક્રમશઃ)**

---

## ચિંતન

**સંકલન : જશવંતલાલ સી. શાહ**

- **આત્મા પરથી મોહનું આવરણ દૂર થાય એટલે જ્ઞાનનો પ્રકાશ પ્રગટે. આત્મસ્વભાવ તરફ દૃષ્ટિ ખોલી આપે એ જ્ઞાનને જ્ઞાન કહ્યું છે.**
- **આત્મા આત્મામાં જ, આત્મા વડે વિશુદ્ધ આત્માને જાણે. જાણકાર આત્મા, જાણે આત્મામાં જાણે આત્મા વડે, જાણે વિશુદ્ધ આત્માને ત્યારે જ્ઞાન, શ્રદ્ધા અને આચાર એકરસ બની જાય છે.**
- **કર્મક્ષય કરવા માટે ત્રણ બાબતો જરૂરી છે : સંયમ, સંતોષ, વિવેક.**
- **જીવનમાં નિરંતર ભેદજ્ઞાનનો અભ્યાસ, ચિંતન અને નાના નાના પ્રસંગોમાં તેનો અનુભવ ચાલુ હોય તો જ મરણાંત કષ્ટના પ્રસંગે ભેદજ્ઞાન આપણી રક્ષા કરે.**
- **તીર્થંકર પદવી - અરિહંત પદવી પ્રાપ્ત કરવાના મનોરથ, ભાવના, તમન્ના પ્રગટ થાય... ત્યારે કે જ્યારે આ આત્મા યોગ ભૂમિકામાં પહોંચ્યો હોય, સંસારનું જ્ઞાનદૃષ્ટિથી અવલોકન કર્યું હોય, સંસારની બાહ્ય સમૃદ્ધિને તુચ્છ-અસાર સમજી તેને ત્યજી દીધી હોય અથવા ત્યજી દેવાનો સંકલ્પ પેદા થયો હોય.**
- **સંસારક્ષેત્રે ડગલે પગલે ઊભી થતી સમસ્યાઓ, ઉપસ્થિત થતી ઘટનાઓ કે જે અનુકૂળ - પ્રતિકૂળ હોય છે. તેમાં મન રાગી-દ્વેષી ન બને અને મધ્યસ્થતા ધારણ કરે તો એ આત્મસ્વરૂપની નિકટતા પ્રાપ્ત કરી શકે.**
- **અનુભવદશામાં તો દિવસે કે રાતે, જંગલમાં કે શહેરમાં... સર્વદા અને સર્વત્ર મોહરહિત અવસ્થા ! કોઈ રાગના આલાપ-પ્રલાપ નહિ. કોઈ દ્વેષના ઉકાળા-ઉછાળા નહિ. ત્યાં હોય છે વાસ્તવિક આત્મદર્શનનો અપૂર્વ આનંદ અને એક સમાન આત્માનુભૂતિ.**

**(પૂજ્યશ્રી યશોવિજયજી કૃત 'જ્ઞાનસાર'માંથી)**

## પરમનો સ્પર્શ - ૩૨

# પ્રકાશમાં દેખાતું જીવનનું સ્વપ્ન

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

તમારી આંખમાં કોઈ સ્વપ્ન રમે છે ખરું ! માનવીના વ્યક્તિત્વનો યથાર્થ પરિચય એની આંખમાં રમતાં સ્વપ્નથી પામી શકાય. આ સ્વપ્ન એની ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ-એમ ત્રણે કાળની જિંદગીની ઓળખ આપે છે.

બહુધા વ્યક્તિઓ નાનાં નાનાં સ્વપ્નો જોતી હોય છે. સામાન્ય ભૌતિક ઇચ્છાઓ રાખતી હોય છે, એની વૃત્તિને તુચ્છ ઝંખનાઓ હોય છે અને એનું જીવન રગશિયાં ગાડાં જેવું, બંધિયાર પ્રમાદી અને સ્થિતિસ્થાપક હોય છે. પ્રભાતે ઊઠવું, કારકૂની કે કામગીરી કરવી અને સૂઈ જવું-એવું જીવન જેટલું ચીલાચાલુ બને છે, એટલું જ કંટાળાજનક થાય છે. સરકારી ઑફિસોમાં ટૅબલ પર બેઠેલા કોઈ કર્મચારીને તમે હસતો જોયો છે ખરો ? એનામાં કોઈ ઉત્સાહ દીઠો છે ? કોઈ નવી ઝંખના એની આંખોમાં જોઈ છે ? કોઈ નવો વિચાર એની પાસેથી પામ્યા છો ? આનું કારણ એ છે કે આ વ્યક્તિની આંખમાંથી સઘળાં સ્વપ્નાં આથમી ગયાં છે. જીવન છે માટે, જીવ્યે જવું, પરિસ્થિતિ હોય તે મુજબ ગોઠવાઈને રહેવું, જે કંઈ હોય તે ભોગવવું, જે કંઈ નથી તેને માટે નસીબને દોષ આપવો. આવું એકધારું, ચીલાચાલું સ્વપ્નવિહોણું જીવન ધીરે ધીરે વ્યર્થતાના વમળમાં ખૂંપી જાય છે.

તમારી આસપાસના લોકોને ક્યારેક પૂછજો કે એમની આંખોમાં કયું સ્વપ્ન રમે છે ? ત્યારે મોટાભાગના એમ કહેશે કે રાત્રે ઊંઘમાં દેખાતા સ્વપ્નથી અમે પૂરેપૂરા વાકેફ છીએ, પરંતુ દિવસે આંખોમાં તે વળી ક્યાંથી સ્વપ્ન હોય ? સ્વપ્ન એ ઉજાસની ચીજ જ ક્યાં છે અને હકીકત એ છે કે **જીવનનું સાચું સ્વપ્ન પ્રકાશમાં દેખાય છે.**

આપણી આંખો માત્ર આપણી ચોપાસનું જ જુએ છે. પરિણામે મન અને સમગ્ર જીવન આસપાસની વાતોમાં, વિવાદોમાં, ક્લેશમાં, ઉત્કટ રાગ અને તુચ્છ દ્વેષમાં વ્યતીત થઈ જાય છે. જીવનમાં સબંધોનો સંઘર્ષ અને પરિસ્થિતિનો કકળાટ સંભળાશે. માણસ જીવનનો ખાલીપો વૃત્તિ, વાતો કે પ્રવૃત્તિઓના કોલાહલથી ભરવા માગે છે, કારણ એટલું જ કે જીવન ગમે તેવું હોય, તો પણ એમાં તમારે કશુંક ભરવું તો પડે જ ! પછી તે સદ્‌ગુણોથી ભરો કે દુર્ગુણોથી. પછી તે કષાય વાસનાની દુર્ગંધથી ભરો કે સદ્‌ગુણોની સુવાસથી ભરો. તે શુભ ભાવથી ભરો કે અશુભવૃત્તિના વિચારોથી ભરો. પણ એ વ્યક્તિને કોઈને કોઈ રીતે એના ભીતરને ભરવું પડે છે.

આમે ય માણસને ભરવાની ભારે આદત છે. નાનકડા ઘરમાં એ સામાનનો કેટલો ખડકલો કરી દે છે. ક્યારેક તો એવું

લાગે કે એના ઘરમાં આ ચીજવસ્તુઓ ફર્નિચર કે વૈભવ જ પ્રધાનસ્થાને છે, એમાં વસતા જીવંત માનવીઓ એની આસપાસ ગોઠવાઈ ગયા છે. ઘરને ભરી દેવાની પ્રવૃત્તિ ગરીબ હોય કે અમીર-બધામાં સમાનરૂપે જોવા મળશે, કારણ એટલું જ કે જેમ ભીતર ખાલી હોય તે ન ચાલે, તે જ રીતે ઘર ખાલી દેખાય તે પણ ન ચાલે.

જો તમારી આંખોમાં સ્વપ્ન નાનું હશે, તો જીવન સંકુચિત બની જશે. કોઈને તમે રળિયામણા પ્રદેશમાં લઈ જશો, તો એ આસપાસની હરિયાળી સૃષ્ટિ, હસતાં ફૂલો, ઝૂકેલાં વૃક્ષો અથવા તો હરિયાળું ઘાસ જોઈને આંખને અને અંતરને ટાઢક આપવાને બદલે શેરમાંથી પાશેર બની ગયેલા શેરબજારની માથાકૂટ કરતા હશે. પણ આમાંથી કોઈની ય પાસે પ્રકૃતિની મબલખ રમણીયતાને જોવાની આંખ નથી.

કેટલીક વ્યક્તિઓ ગામને પાદર જઈને નજર સામેનું વૃક્ષ જુએ છે, તો કેટલીક વ્યક્તિઓ લીલાછમ ખેતરોને પાર કરીને દૂર આવેલી ક્ષિતિજ પર દૃષ્ટિ ઠેરવે છે. કોઈનું મન નાનું વાદળું જોઈને નાચી ઊઠે છે, તો કોઈને આખું આકાશ જોયા વિના ચેન પડતું નથી. આવી જ રીતે જીવનમાં વ્યક્તિ કેવું મોટું સ્વપ્ન જુએ છે, એના પર એના જીવનનો આધાર છે.

રશિયાના પ્રસિદ્ધ નવલિકાકાર ગોગોલે 'ઑવરકોટ' નામની નવલિકા લખી છે કે જેમાં એના નાયકની એક જ ઇચ્છા હોય છે કે ગમે તે થાય, પણ જિંદગીમાં એક સરસ ઑવરકોટ મેળવવો અને પછી એ પ્રાપ્તિની આસપાસ જ એનું આખું જીવન ઢાળી દે છે. ઘણી વ્યક્તિનું જીવન એક જ માર્ગે ચાલતું હોય છે. **કેટલાકને વર્તમાન જીવનથી અસંતોષ હોય છે, પરંતુ એમની આંખમાં ભવિષ્યને માટેનું કોઈ સ્વપ્ન હોતું નથી.**

સામાન્ય સ્વપ્ન રાખનારનું જીવન સામાન્ય બની રહે છે, જ્યારે મોટું સ્વપ્ન સેવનારને જીવનમાં વધુ મોટો પડકાર ઝીલવાનો આવે છે. એને સિદ્ધ કરવા એ પ્રબળ ઉત્સાહથી પુરુષાર્થ-શક્તિને પ્રગટાવે છે અને પોતાના ભવિષ્ય અંગે ઊંચા સ્વપ્નો અને ઉત્તુંગ મનોરથો સેવે છે. આથી વ્યક્તિએ મોટા અને શુભ વિચારો કરવા જોઈએ, મોટી યોજનાઓ કરવી જોઈએ અને એને અનુલક્ષીને મહાપુરુષાર્થ કરવો જોઈએ. એનો પુરુષાર્થ જેટલો વિરાટ હશે, એટલું એનું જોશ વિશેષ હશે. એનું સ્વપ્ન જેટલું વ્યાપક હશે, એટલી એની સિદ્ધિ વિરાટ હશે.

**સ્વપ્ન એ તો એક બીજ છે અને એ બીજમાંથી વિરાટ વટવૃક્ષ સર્જાય છે.** અબ્રાહમ લિંકનની આંખોમાં અમેરિકાના પ્રમુખપદનું સ્વપ્ન હતું અને કદરૂપા, વધુ ઊંચાઈવાળા અને ગરીબીથી ઘેરાયેલા અબ્રાહમ લિંકન અંતે અમેરિકાના પ્રમુખ બન્યા.

ગાંધીજીનું સ્વપ્ન હતું અહિંસક માર્ગે દેશને આઝાદ કરવાનું. જ્યારે આઝાદી માટે હિંસા, હત્યા અને વિરોધીનો નાશ અનિવાર્ય ગણવામાં આવતા હતા, ત્યારે મહાત્મા ગાંધીએ અહિંસા, પ્રેમ અને વિરોધીઓને

જીતી લેવાની કળા દ્વારા દેશને આઝાદી અપાવવાનું સ્વપ્ન જોયું અને સિદ્ધ કરી બતાવ્યું. ખરો મહિમા છે બીજનો. જો બીજ જ ન હોય તો કશું ઊગતું નથી અને કશી લણણી થતી નથી. એ જ રીતે **જો ભવિષ્યને માટે આંખોમાં કોઈ સ્વપ્ન નહીં હોય, તો વ્યક્તિ જ્યાં હશે ત્યાં જ જીવનભર રહેશે અને સમય જતાં એ સ્થિતિસ્થાપક બની જશે અથવા તો જીવનમાં પીછેહઠ કરશે.**

વર્તમાન જીવનને યોગ્ય રીતે ધારણ કરવા અને વિકસિત કરવા માટે આવેગપૂર્વક સર્જનાત્મકતાથી વિચારવું પડશે. અશક્ય લાગતી ઘણી બાબતો વ્યક્તિએ પોતાની સર્જનાત્મકતાથી સત્ય કરી છે. જગતમાં જેણે વૈચારિક ક્રાંતિ કરી છે, તેઓએ જગતને સાવ ભિન્ન વિચાર આપ્યો અને એમાંથી ક્રાંતિનું સર્જન થયું. આથી **સર્જનાત્મક વિચારો વ્યક્તિને નવી દિશા ચીંધે છે અને એ દિશામાં ગતિ કરનાર કશુંક નવું સિદ્ધ કરે છે.**

સરદાર વલ્લભભાઈ પટેલે ચોપાસ પથરાયેલાં રજવાડાંઓની વચ્ચે એક નવો વિચાર આપ્યો અને ખંડ ખંડમાં વિભક્ત એવા ભારતમાંથી અખંડિત ભારતનું સર્જન કર્યું. લાલબહાદુર શાસ્ત્રીએ પાકિસ્તાનના યુદ્ધ સમયે 'જય જવાન, જય કિસાન'નું સૂત્ર આપ્યું અને દેશ આખો જાગી ઊઠ્યો. આ વિચારે દેશની પ્રજામાં પાકિસ્તાન સામેના યુદ્ધને માટે સમર્પણની સબળ ભાવના જગાડી. આથી જ **કોઈ મહાન સ્વપ્ન આવે, એની રાહ જોઈને બેસવાનું નથી, પરંતુ વ્યક્તિએ સર્જનાત્મક રીતે એને શોધીને પોતાના જીવનમાં એનું વાવેતર કરવાનું છે.**

આ સ્વપ્નનું વાવેતર થતાં જીવનમાંથી ઘણી વસ્તુઓની બાદબાકી થઈ જશે. કોઈ એક ધ્યેય પ્રાપ્ત થાય પછી એ ધ્યેયને અનુરૂપ ન હોય તેવી ઘણી બાબતો આપોઆપ જીવનમાંથી વિદાય લેશે. કોઈ એક દૃષ્ટિ મળે એટલે ઘણી માન્યતાઓનો છેદ ઊડી જશે અને નવી વૈચારિક સૃષ્ટિનું નિર્માણ થશે. પહેલાં બહારથી નકામી વસ્તુઓ લઈને જીવનમાં જથ્થાબંધ ચીજવસ્તુઓનો ઢગલો કરતા હતા. હોંશેહોંશે બજારમાં જઈને એની ખરીદી કરતા હતા. ધનવૈભવ બતાવવા માટે એ વસ્તુ ઘણી મોંઘી હોય, તો પણ ખરીદીને લાવતા હતા અને ઘરમાં પ્રવેશનારા સહુ કોઈ એને બરાબર જુએ અને જોઈને તમારી પ્રશંસા કરે, તે રીતે ગોઠવતા હતા. પણ જેવું આંખોમાં સ્વપ્ન આવે કે પછી આ બધું જ વ્યર્થ લાગે છે. વૈભવ બતાવવાની ઇચ્છા જ આથમી જાય પછી ઘરમાં આ ચીજવસ્તુ કઈ રીતે ગોઠવવી એનો સવાલ જ ઊભો થતો નથી.

હવે જે કંઈ ઘરમાં લાવશો, તે પૂરો વિચાર કરીને લાવશો, કારણ કે હવે તમારું ભીતર આડેધડ પડેલી ચીજવસ્તુઓનું ગોદામ નથી. હવે તમારા ભીતરમાં એક પ્રકાશ છે. હવે તમારી આંખોમાં એક સ્વપ્ન છે અને એ સ્વપ્ન સિદ્ધ થાય એવી જ બાબતોને

તમારા ભીતરમાં પ્રવેશ મળે છે. આડંબરની કેટલીય ઇચ્છાઓ આથમી ગઈ હશે. પહેલાં જે તૃષ્ણાઓ સતત તરફડાવતી હતી, હવે એ તૃષ્ણા મૃગજળ સમાન મિથ્યા સાબિત થવાથી એનો મહિમા કે આકર્ષણ બધું આથમી ગયું હશે. પહેલાં તો નિંદા, વિકથા, તેજોદ્વેષ આ બધાને કારણે બહારથી જે કચરો ભેગો કર્યો હોય, તે ભીતરમાં ઠાલવતો હતો અને આવો વધુને વધુ કચરો પામવા માટે આતુર રહેતા હતા. હવે નવું સ્વપ્ન મળતાં એ કચરાનો નાશ થયો છે અને એ સ્વપ્નને સિદ્ધ કરવા માટેનો પુરુષાર્થ જાગ્યો છે.

આમ જીવન એ તો સપનાંનો ખેલ છે ! **વ્યક્તિના આયુષ્યની ઓળખ પંચાંગ પરથી નહીં, કિંતુ પુરુષાર્થથી થાય છે. એમાં વીતાવેલાં વર્ષોનો મહિમા નથી, પણ કેટલાં વર્ષો સારી રીતે વીતાવ્યાં, એનો અપાર મહિમા છે.**

કહે છે કે પ્રાણીઓને સ્વપ્નાં આવતાં નથી. જે માણસે સ્વપ્નાં સેવ્યાં નથી, એનું જીવન પણ પ્રાણીઓનાં જીવન સમાન ગણાય. પ્રાણી ભ્રમણ કરે, મૈથુન કરે, ભોજન કરે અને જો માત્ર આટલી જ પ્રવૃત્તિમાં માનવીનું જીવન નિમગ્ન હોય, તો તે માત્ર પ્રાણીજીવન જ છે. જ્યારે વ્યક્તિ પાસે સ્વપ્નાં સર્જવાની, સેવવાની અને સિદ્ધ કરવાની અખૂટ માનવીય તાકાત અને પ્રબળ આંતરિક શક્તિ છે.

વ્યક્તિ જ્યારે સ્વપ્નસિદ્ધિના માર્ગે ચાલશે, ત્યારે એનું જીવન આપોઆપ એના જીવનસ્વપ્ન પ્રમાણે ગોઠવાઈ જશે. એની દૃષ્ટિ સ્વપ્નસિદ્ધિ પર એકાગ્ર બનીને એવી તો નોંધાયેલી રહેશે કે એના જીવનવૃક્ષ પરથી અન્ય સઘળી બાબતો બગડેલાં ફળ કે સૂકાં પર્ણની જેમ ખરી પડશે. સ્વપ્નનાં સર્જન સિવાયની બાબતો એને તુચ્છ, વ્યર્થ, ત્યાજ્ય કે બિનઆવશ્યક લાગશે. અન્ય બાબતોથી એ એવો તો વિમુખ બની જશે કે એમાં એને કશો રસ નહીં રહે. બીજી વ્યક્તિઓ 'મહાત્મા'નું પદ પામવા માટે મહાપ્રયત્નો કરતા હોય છે, ત્યારે સમગ્ર વિશ્વએ જેમને 'મહાત્મા'નું પદ આપ્યું હતું, તે ગાંધીજીએ એ વિશે શું કહ્યું ?

એમણે કહ્યું, "મારા 'મહાત્મા' પદને હું એના કિસ્મત પર છોડું છું. મને 'મહાત્મા' કહેનાર અગર તો મારો ચરણસ્પર્શ કરનાર પર ઘાતકી ગુનાના આરોપસર કામ ચલાવવામાં આવવું જોઈએ એવો કાયદો જો કોઈ કરાવે તો અસહકારી છતાં ઘણી ખુશીપૂર્વક તે કાયદો પાસ કરાવવામાં મદદ કરવા હું તૈયાર છું. જ્યાં મારો કાયદો ચાલે છે ત્યાં-એટલે આશ્રમમાં-તો તેમ કરવું ગુનો ગણવામાં આવે જ છે." ('સત્યના પ્રયોગો'માંથી)

આ રીતે જિંદગીમાં સ્વપ્ન સાંપડતાં સામાન્ય ચીજવસ્તુઓની લાલસા, વૃત્તિનું આકર્ષણ અને ભૌતિક પ્રલોભનોનો આપણને ખ્યાલ પણ ન આવે, તે રીતે બાદબાકી થઈ જાય છે. કારણ કે સ્વપ્ન યા ધ્યેય જ જીવનને ઘાટ આપવા માંડશે. આપણે જોઈએ છીએ કે જગતમાં પરિવર્તન આણનારી વિભૂતિઓ, મહાપુરુષો અને વૈજ્ઞાનિકોએ એક ધ્યેય નક્કી કર્યું અને તે પ્રમાણે એમણે જીવનને ઘાટ આપ્યો. નરસિંહ મહેતાને સામાજિક દરજ્જાની ક્યાં કશી ફિકર હોય ? મીરાંને રાજરાણીનો વૈભવ કેવો તુચ્છ લાગતો હશે ! થોમસ આલ્વા ઍડિસનને

## શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત
# 'એકત્વસપ્તતિ'નું આચમન (ક્રમાંક-૬૯)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

મોક્ષમાળા ગ્રંથના શિક્ષાપાઠ - ૫૧માં 'વિવેક એટલે શું ?' વિષયે પાઠ છે. તેમાં ગુરુ અને લઘુ શિષ્યોનો સંવાદ છે. તેમાં ગુરુ બોલે છે - "ત્યારે એ જ સમજવાનું છે કે જ્ઞાનદર્શનરૂપ આત્માના સત્ય ભાવ પદાર્થને અજ્ઞાન અને અદર્શનરૂપ અસત્ વસ્તુએ ઘેરી લીધા છે. એમાં એટલી બધી મિશ્રતા થઈ ગઈ છે કે પરીક્ષા કરવી અતિ અતિ દુર્લભ છે. સંસારના સુખો અનંતીવાર આત્માએ ભોગવ્યાં છતાં તેમાંથી હજુ પણ મોહિની ટળી નહીં અને તેને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે; કારણ સંસાર કડવો છે; કડવા વિપાકને આપે છે; તેમજ વૈરાગ્ય જે એ કડવા વિપાકનું ઔષધ છે, તેને કડવો ગણ્યો; આ પણ અવિવેક છે. જ્ઞાનદર્શનાદિ ગુણો અજ્ઞાન, અદર્શને ઘેરી લઈ જે મિશ્રતા કરી નાંખી છે તે ઓળખી ભાવ અમૃતમાં આવવું, એનું નામ વિવેક છે." સત્યાસત્યનો વિવેક સર્વ માન્ય છે.

શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત 'પદ્મનંદિ પંચવિંશતિ' ગ્રંથના 'એકત્વ સપ્તતિ' પ્રકરણના શ્લોકોનું આંશિક આચમન કરી રહ્યા છીએ. શ્લોક ૭૦ માં આપણે જોયું કે આત્મારૂપી હંસને નમસ્કાર. આ પવિત્ર આત્મા અણિમા આદિ ઋદ્ધિની અભિલાષાથી રહિત છે. સામ્યભાવનો આરાધક છે. રુચિતા સ્વરૂપ છે. એવો હંસ શુદ્ધાત્મા મુક્તિ રૂપી હંસી તરફ દૃષ્ટિ રાખે છે. ત્રિકાળશુદ્ધ આત્મા અને એક સમયથી શુદ્ધ પર્યાય પરસ્પર અભેદતા સાધે છે. હવે શ્લોક ૭૧ માં આચાર્યદેવ જણાવે છે કે,

**ज्ञानिनोऽमृतसंगाय मृत्युस्तापकरोऽपि सन् ।**
**आमकुम्भस्य लोकेऽस्मिन् भवेत्पाकविधिर्यथा ॥७१॥**

અર્થાત્ જેમ આ લોકમાં કાચા ઘડાનો પરિપાક અમૃતસંગ અર્થાત્ પાણીના સંયોગને કારણે થાય છે તેવી જ રીતે અવિવેકી મનુષ્યને સંતાપ કરનાર મૃત્યુ પણ જ્ઞાની ધર્માત્માને અમૃતસંગ અર્થાત્ શાશ્વત સુખનું કારણ થાય છે.

માટીનો અપક્વ ઘટ નાશ પામે છે પણ પરિપાકમાં પક્વ થયા પછી તે અમૃતસંગ રૂપ પાણીને પામે છે. પક્વ થયાં પછી તેમાં જલધારણ શક્તિ રહે છે. અવિવેકી મનુષ્યને મૃત્યુ સંતાપનું કારણ બને છે. જ્યારે જ્ઞાનીપુરુષોને મૃત્યુ મહોત્સવ બને છે. શાશ્વત સુખનું કારણ બને છે. જ્ઞાની અમૃતસંગને પામે છે. અમૃત બની જાય છે. આચાર્યદેવ લખે છે કે અવિવેકી મનુષ્ય સંતાપિત રહે છે. અવિવેકીને સત્ય સમજણ નહિ હોવાથી સંયોગીભાવો સાથે ભળી જઈને રાગ-દ્વેષમાં મુંઝાયા કરે છે.

અપક્વ ઘટ અર્થાત્ કાચા ઘડાનો સંગ જો પાણી સાથે થાય તો તે નષ્ટ થાય પણ પાકવિધિ થઈ હોય અર્થાત્ નિંભાડામાં અગ્નિ સંગે પક્વ થયા હોય તેવા ઘટ અમૃતરૂપ બને છે. અહીં અમૃતના બે અર્થ છે - અમૃતરૂપ પાણીનો સંયોગ અને બીજો અર્થ છે અમૃતસંગ એટલે શાશ્વત સુખનું કારણ. આચાર્યદેવ પ્રકાશે છે કે અવિવેકી મનુષ્યને ગમે ત્યારે મૃત્યુ સંતાપ કરનાર - સંતાપિત થવાના કારણરૂપ બને છે. અમૃત સ્વરૂપ આત્માનો સંગ મોક્ષસુખનું કારણ બને છે.

**मृत्युः तापकरः अपि सन्** - અવિવેકી મનુષ્યને મૃત્યુ સંતાપ આપે છે. વિવેકહીનતામાં અનેક પાપ સમાયેલા છે. વિવેક એ ધર્મના આધારસ્થંભ છે પણ વિવેકહીન મનુષ્યને મૃત્યુ જેવી

અંતિમ ક્ષણ આવે ત્યારે સારાસારની ઓળખાણ નહિ હોવાથી તાપકર લાગે છે. આત્માએ સ્વભાવને ભૂલીને અન્ય પદાર્થમાં મારાપણું કર્યું છે. કોઈ પણ પદાર્થ સુખ-દુઃખનું કારણ નથી પણ વિવેકની મર્યાદા લોપાતા જીવ સુખ-દુઃખની ભ્રાન્તિમાં ભટકે છે. સંયોગો સુખ-દુઃખનું કારણ નથી પણ જે જે સંયોગો પ્રાપ્ત થાય છે તેમાં જીવે મારાપણું માની લીધું - એ માન્યતા જ સંતાપ આપે છે.

જનક વિદેહીના અંતઃપુરને માયાવી આગ લાગી - જનક વિદેહીને સમાચાર આપ્યા - જનક રાજા કહે છે કે જે મારું છે તે બળતું નથી. જે બળી રહ્યું છે તે મારું નથી. માટે સંતાપ કરવો વ્યર્થ છે. કદાચ મૃત્યુ સુધી પરીક્ષા થાય તો પણ વિવેકસંપન્નતા જીવને આત્મામાં સ્થિર કરે છે. આ જ ઘટના વિવેકહીનને સંતાપનું કારણ બને છે. વિવેકની સભાનતા અમૃતસંગ સ્વરૂપ બને છે. જ્ઞાની પુરુષને મૃત્યુ સુધીના ઉપસર્ગ આવે તો પણ **अमृतसंगाय भवति** - પરમસુખ સ્વરૂપ મોક્ષનું કારણ બને છે. અનુક્રમે શાશ્વત સુખ આપનાર છે. ગજસુકુમાર મુનિને આમરણાન્ત ઉપસર્ગ - શાશ્વત સુખના કારણરૂપ બને છે. સત્ - અસત્‌નો વિવેક જીવનમાં મુખ્ય છે. તે આનંદ સ્વરૂપ આત્માના અસ્તિત્વની સિદ્ધિ આપે છે.

**ज्ञानिनः अमृतसंगाय भवित** - જ્ઞાની મહાત્માને ભેદજ્ઞાન વર્તે છે તેથી વિવેકના અવલંબને પ્રત્યેક સંયોગ સ્વીકાર રૂપ જાણી-માની અમૃત સ્વરૂપ આત્માના સંગને પામે છે. મોક્ષસુખને આસ્વાદે છે.

આચાર્યદેવ ઉદાહરણથી સમજણ આપે છે કે **आमकुम्भस्य पाकविधिः भवेत्** - **अमृतसंगाय भवति** - કાચા ઘડાને પાણીનો સંગ થાય તો તે પદાર્થ - વસ્તુ નષ્ટપણાને પામે છે પણ વિવેકપૂર્વક પરિપાક થયા પછી અમૃતસ્વરૂપ પાણીનો સંગ થાય તો શીતળતાનું કારણ બને છે. વિવેકના અભાવે વસ્તુ નષ્ટ પામે છે. વિવેકસંપન્નતા ચૈત્ય સ્થિતિનું કારણ બને છે.

શ્રી જ્ઞાનભૂષણ ભટ્ટારક 'તત્ત્વજ્ઞાન તરંગિણી'માં લખે છે કે ભૂતકાળમાં જે મહાત્મા યોગીશ્વરો મોક્ષ ઐશ્વર્યને પામ્યા, વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં પામશે તે સર્વ પરમ આનંદના ધામ રૂપ એક નિજ શુદ્ધ ચિદ્રુપને સમ્યક્ પ્રકારે, સર્વ પ્રયત્ને આરાધી ઉપલબ્ધ કરીને જ પામ્યા છે, પામે છે અને પામશે.'' વિવેકસંપન્નતા સાથે જીવન યાપન થાય તો અમૃતસંગ રૂપ બને છે. શાશ્વત સુખને સદા અનુભવે છે તેને મૃત્યુ સંતાપ કરનાર બનતું નથી. અમૃતના સંગ સમાન બને છે.

પૂ. બેનશ્રી ચંપાબેનના વચનામૃતમાં આ વચનો છે કે ''જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી. સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે આ ચૈતન્યના ભાવો છે, આ પર છે. દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી. દૃષ્ટિ એવા પરિણામ ન કરે.'' જ્ઞાન બધો વિવેક કરે છે. જેણે શાંતિનો સ્વાદ ચાખ્યો તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાંતિનું વેદન વર્તી રહ્યું છે એવા જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.

પત્રાંક - ૫૦૬ માં પરમકૃપાળુદેવની અધ્યાત્મ જિનવાણી છે કે જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે ત્યાં વિવેક બળવાન પણે હોય છે. વૈરાગ્ય ઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં અથવા યથાવત્ વિવેક હોય નહીં. **(ક્રમશઃ)**

# બાર ભાવના - એક અનુચિંતન

**(ક્રમાંક - ૪)**

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી

## સંસારભાવના

સંસાર પારાવારમેં, દુઃખ ખાર નીર અપાર હૈ,
જામે ચતુરગતિ ભ્રમણ ભારી, પૂર પરત અસાર હૈ,
ક્રોધાદિ જલચર જીવ બહુવિધિ, જગત જીવન દુઃખ કરૈ,
નમિનાથ જિનકે ચરણ સેવત, ભવિકજન ભવજલ તરૈ.

**- શ્રી નમિનાથ ભગવાનની પૂજા**

**ભાવાર્થ :** આ ખારા ભવસમુદ્ર રૂપી સંસારમાં જીવો ચાર ગતિ - દેવગતિ, મનુષ્યગતિ, પશુગતિ, નરકગતિમાં અપાર દુઃખ ભોગવી રહ્યાં છે. તેમાં ક્રોધ, માન, માયા, લોભ આદિ વિભાવ-ભાવો પણ બહુ જ દુઃખ આપે છે. જેઓ પરમાત્મા (શ્રી નમિનાથ ભગવાન) નું શરણ ગ્રહણ કરે છે. એવા ભવ્ય જીવો આ ભવસાગરને તરી જાય છે.

## સંસારને ચાર ઉપમા :

મહાપુરુષોએ જન્મોજન્મની સાધનાના ફળરૂપે આ સંસારનું સ્વરૂપ તત્ત્વથી જાણી તેનો ત્યાગ કર્યો છે. તેઓએ સંસારને ચાર ઉપમા આપી છે : (૧) સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. સમુદ્રના જળનો ઉપરથી જેમ સપાટ દેખાવ છે, તેમ સંસાર પણ સરળ દેખાય છે. સમુદ્ર જેમ ક્યાંક બહુ ઊંડો અને ક્યાંક ભમરીઓ ખવરાવે છે તેમ સંસાર ઈન્દ્રિયોના વિષય પ્રપંચમાં બહુ ઊંડો છે. તે મોહરૂપી ભમરીઓ ખવરાવે છે. (૨) બીજી ઉપમા અગ્નિની છે. અગ્નિની જેમ સંસારથી પણ આધિ, વ્યાધિ, ઉપાધિ - ત્રિવિધ તાપની ઉત્પત્તિ છે. (૩) ત્રીજી ઉપમા અંધકારની છે. અંધકારમાં જેમ સીંદરી સર્પનું ભાન કરાવે છે તેમ સંસાર સત્યને અસત્યરૂપ બતાવે છે. (૪) ચોથી ઉપમા શકટચક્ર એટલે ગાડાનાં પૈડાની છાજે છે. શકટચક્ર જેમ ફરતું રહે છે તેમ સંસારચક્ર પણ રાગદ્વેષને લીધે ચાલ્યા જ કરે છે.

**- શ્રી મોક્ષમાળા ૧૯-૨૦**

## સંસારભાવનાની વ્યાખ્યાઓ :

- આ આત્માએ સંસારસમુદ્રમાં પર્યટન કરતાં કરતાં અનંત ભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ ? એ સંસાર મારો નથી, હું મોક્ષમયી છું; એમ ચિંતવવું તે સંસાર ભાવના.

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

- સંસાર મહા દુઃખસાગર કે પ્રભુ
  દુઃખમય સુખ આભાસો મેં,
  મુઝકો ન મિલા સુખ ક્ષણભર ભી,
  કંચન કામિની પ્રાસાદોમેં.

**- શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ જયમાલા**

- या संसार असार महान,
  सार आप में 'आपा' जान ।
  सुख तैं दुःख दुःखतें सुख होय,
  समता चारों गति नहिं कोय ॥

**- कविवर बुधजनजी**

- चहुगति दुःख जीव भरे हैं, परिवर्तन पंच करे है ।
  सब विधि संसार असारा, यामैं सुख नाहि लगारा ॥

**- पं. दौलतरामजी ( छह ढाळा )**

## વિશેષ વિચારણા :

સંસારના જીવો (આપણે) સત્યધર્મની સાચી સમજણ અને શ્રદ્ધાના અભાવે અનાદિકાળથી જન્મ, જરા, મૃત્યુ, રાગ અને ભયથી પ્રચૂર એવા સંસારમાં પરિભ્રમણ કર્યા જ કરે છે. તેનું કારણ જીવ અજ્ઞાનવશ કર્મના ઉદયને પોતાનું સ્વરૂપ માની લે છે અને સુખ-દુઃખના સંયોગમાં રાગદ્વેષ કરી નવાં નવાં અનંત કર્મો બાંધી તે ભોગવવાં ચારે ગતિમાં જન્મમરણના ચક્રમાં ફર્યા કરે છે. કર્મના ફળ ભોગવ્યા વિના છૂટકો નથી.

**"કર્મો કર્યા જે આપણે ભૂતકાળમાં જન્મો લઈ,
તે કર્મનું ફળ ભોગવ્યા વિણ માર્ગ એકે છે નહિ."**

હવે જો સંસારમાં રખડવું ન હોય તો ઉદયમાં આવેલા કર્મોને સમભાવથી ભોગવવાં, જેથી કર્મબંધન ન થાય.

હવે નિશ્ચયનયથી (From absolute point of view) વિચારીએ તો આ જીવ સ્વભાવથી કર્મોથી રહિત જ છે. જીવ ચેતન છે અને કર્મો જડ છે.

- ન પુણ્યં ન પાપં ન સુખો ન દુઃખં,
  ન મંત્રો, ન તીર્થો ન વેદો ન યજ્ઞો,
  અહં ભોજનં નૈવ ભોજ્ય ન ભોક્તા,
  ચિદાનંદરૂપં શિવોડહમ શિવોડહમ ॥

**- શ્રી શંકરાચાર્ય**

**નીચેના કારણોથી આપણને કર્મબંધ થાય છેઃ**

- રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
  થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.

**- શ્રી આત્મસિદ્ધિ ગાથા - ૧૦૦**

- વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
  તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.

**- શ્રી આત્મસિદ્ધિ ગાથા - ૯૦**

- ઊપજે મોહવિકલ્પથી, સમસ્ત આ સંસાર;
  અંતરમુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

સર્વ સત્પુરુષોએ નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિ અને મનુષ્યગતિના દુઃખોનું વિસ્તૃત વર્ણન કર્યું છે. એની વિચારણા - ચિંતવના કરતાં કરતાં આપણને આપણા સત્યસ્વરૂપનું ભાન થાય છે અને સંસારથી દઢ વૈરાગ્ય ઊપજે છે. આવો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એ જ આપણા માટે અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે.

પરમકૃપાળુદેવ વ.પ. ૨૧૩ માં ફરમાવે છે કે સંસાર કેવળ અશાતામય છે. કોઈપણ પ્રાણીને અલ્પ પણ શાતા છે તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે.

- જાગી જો જીવ તું વિચાર કરી જો, શું સાર સંસારમાં ?
  જીવો સર્વ દુઃખી બની રહ્યા, રાગાદિ અંગારમાં;
  આધિ-વ્યાધિ-ઉપાધિ આદિ, દુઃખનો સંતાપ જ્યાં સર્વત્ર;
  મૃત્યુ જન્મ જરાદિ દુઃખ દરિયો, ત્યાં સૌખ્ય શું જો કદા.

**- વૈરાગ્ય પારાયણ**

ઉપર કહ્યા પ્રમાણે આ સંસારનું સ્વરૂપ જાણી, સર્વ પ્રકારે અપ્રતિમ પુરુષાર્થ દ્વારા મોહને ત્યજી હે ભવ્યાત્મા ! તું એ શુદ્ધ આત્મસ્વભાવનું ધ્યાન ધર કે જેથી સંસાર પરિભ્રમણનો નાશ થાય.

## પ્રમાણશિક્ષા :

આ જીવની અશુદ્ધ પર્યાય (અવસ્થા) તે જ સંસાર છે. પોતાના સ્વરૂપનું અજ્ઞાન અને વિભાવ ભાવો (રાગદ્વેષરૂપ ભાવો) ને લીધે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચ પરાવર્તન રૂપ ચારગતિમાં ભટક્યા કરે છે, પણ ક્યાંય શાંતિ - નિરાકુળતા પ્રાપ્ત કરતો નથી. આત્માના ધ્રુવ સ્વભાવમાં સંસાર છે જ નહિ. માટે વૃત્તિઓને બાહ્યમાંથી વાળીને સ્વસન્મુખ કરી આત્મચિંતન કરવું અને વૈરાગ્ય વધારવો. વ્યવહારથી સંસારના સચિત્ત-

અચિત્ત પદાર્થોનો મોહ છોડવો અને નિશ્ચયથી આત્મસ્વરૂપના ચિંતવન દ્વારા સમ્યગ્દર્શનનો અપ્રતિમ પુરુષાર્થ કરવો. તે માટે શ્રી સત્‌દેવ, સદ્‌ગુરુ અને સદ્‌ધર્મનું શરણ લેવું આવશ્યક નહીં પણ અનિવાર્ય છે.

- "સંસાર વિષમ વિદેશવત્, કલિકાલ વન વિકરાલ હૈ,
  તહાં ભ્રમત ભવિકો સુખદ પારસ નામ ધામ કૃપાલ હૈ"
  **- શ્રી પાર્શ્વનાથ ભગવાનની પૂજા**
- ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
  રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત"
- "અય રામ તેરે નામ કા મુઝકો આધાર હૈ,
  અંધે કો જૈસે લાકરી તન કા સહાર હૈ".....

દુઃખરૂપ સંસારભાવનાને દઢ કરવા બીજા અવતરણોનું અનુચિંતન કરીએ.

- જન્મ દુઃખં જરા દુઃખં જાયા દુઃખં પુનઃ પુનઃ ।
  સંસાર સાગર દુઃખં તસ્માત્ જાગૃતઃ જાગૃતઃ ॥
  **- પૂજ્યપાદ શંકરાચાર્ય મહારાજ**
- હે જીવ, આ કલેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ, કંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા, જાગૃત થા. નહિ તો, રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

  **- પરમકૃપાળદેવ શ્રીમદ્ રાજચંદ્ર**
- "ભયંકર નરકગતિમાં, પશુગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો. માટે હવે તો જિન ભાવના (પરમાત્મ ભાવના - આત્મભાવના) ભાવ કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.
  **- શ્રીમદ્ રાજચંદ્રજી**

## સંસારની ભયાવહ સ્થિતિનું એક દૃષ્ટાંત

મહાત્મા ટૉલસ્ટોય (મહાત્મા ગાંધીજીના નૈતિક બાબતોના ગુરુ) પાસે એક યુવાન આવ્યો અને પ્રશ્ન કર્યો કે સંસારી જીવન એટલે શું ? મહાત્મા ટૉલસ્ટોયે નીચેના દ્રષ્ટાંતથી સંસારી જીવનનો મર્મ સમજાવ્યો.

એક દિવસ ગાઢ જંગલમાંથી પ્રવાસીઓ જઈ રહ્યા હતા અને એક પ્રવાસી બધાથી છૂટો પડી ગયો. પાછળ જુવે છે તો એક હાથી તેના પર ત્રાટકવાની તૈયારી કરી રહ્યો હતો. પ્રવાસી ડરીને ભાગ્યો. શું કરવું એમ વિચારી રહ્યો હતો ત્યાં એક કૂવો દેખાયો અને બચવા માટે તેમાં કૂદી પડ્યો. કૂવામાં ઝાડ હતું. પ્રવાસીએ ઝાડની ડાળી પકડી લીધી. નીચે કૂવામાં નજર કરી તો એક વિકરાળ મગર જડબું ફાડીને બેઠેલો જોયો. પ્રવાસી ધ્રુજવા લાગ્યો. તેણે બચવા માટે ઉપર દ્રષ્ટિ કરી તો ઝાડ ઉપર રહેલા એક મધપૂડામાંથી મધના ટીપાં ટપકી રહ્યાં હતાં. મધના ટીપાં પડતા જોઈ તેના મોઢામાંથી લાળ પડવા લાગી. એણે પોતાનું મુખ લંબાવ્યું અને મધનો સ્વાદ લેવા લાગ્યો. સ્વાદ લઈ રહ્યો છે ત્યાં બીજાું દ્રશ્ય દેખાયું અને ચમકી ગયો. અરે ! આ શું ? જે ડાળ તેણે પકડી રાખી હતી તે ડાળને એક કાળો અને એક ધોળો એ બે ઉંદરો કાપી રહ્યા હતા. દૃષ્ટાંત પૂરું થતાં ટૉલ્સટોયે જિજ્ઞાસુ યુવકને પૂછયું, "હવે બોલ, સંસારીનું જીવન એટલે શું એ સમજાયું ને !" યુવાને કહ્યું "મને કાંઈ સમજાતું નથી."

ત્યારે મહાત્મા ટૉલ્સટોય બોલ્યા, "જો હાથી એ કાળ છે અને મગર એ મૃત્યુ છે. મધ એ વિષયોની લાલસાઓ છે અને ધોળો તથા કાળો ઉંદર એ દિવસ અને રાત્રિ છે કે જે આયુષ્યની ડાળને કાપી રહ્યા છે. હે વત્સ ! આવા ભયથી ભરેલા સંસારને જાણીને હવે તું પરમાત્માને મેળવવાનો પુરુષાર્થ કરી લે, નહિ તો આ મનુષ્યભવ નિરર્થક જશે અને તું ભવાટવીમાં ભટક્યા કરીશ. **(ક્રમશઃ)**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ)

## ૮ મા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

યોગીશ્વર આનંદઘનજીએ આપણા ભવભ્રમણની કથા સુણાવી, તે આપણને હત-ઉત્સાહ કરવા માટે નહીં, પરંતુ અનાદિથી સૂતેલા આપણા આત્માને જગાડવા માટે. પોતે તો જાગ્યા, ચંદ્રપ્રભુના દર્શનથી કૃતકૃત્ય થયા અને તે જ દર્શનના અવલંબને પોતાના નિરાલંબ સ્વરૂપનાં દર્શન કર્યાં. આનંદઘનજી જેવા જ્ઞાનીપુરુષોમાં પ્રગટેલું 'વાત્સલ્ય' અને 'પ્રભાવના' અંગ તેમને નિષ્કારણ કરુણા કરવા પ્રેરે છે અને તેથી પોતે અનુભવેલો જ્ઞાનાનંદનો માર્ગ જગતના જીવો પણ પામે એ હેતુથી એ માર્ગની પગદંડી બનાવતા જાય છે. 'કીજે નિર્મલ સેવ' એમ કહી આનંદઘનજીએ નિર્મળ હૃદયથી પ્રભુની સેવનાને માર્ગપ્રાપ્તિનો ઉપાય કહ્યો અને હવે અંતિમ ચરણોમાં તે પ્રભુસેવના કઈ રીતે કરવી કે જેથી મોક્ષફળની પ્રાપ્તિ થાય તે માટે ત્રિવિધ પ્રકારે 'અવંચકપણે' સાધના કરવાનું રહસ્ય ખોલે છે :

**"નિર્મલ સાધુ ભગતિ લહી, સખી૰ યોગ અવંચક હોય, સખી૰**
**કિરિયા અવંચક તિમ સહી, સખી૰ ફલ અવંચક જોય સખી૰**
**મુને૰ ૬**

**શબ્દાર્થ :** નિર્મળ મુનિ ભગવંતોની ભક્તિ કરવી તે અવંચક - યોગ છે. (તેમની આજ્ઞા પ્રમાણે) ક્રિયા કરવી તે અવંચક-ક્રિયા છે અને તેથી ચોક્કસપણે અવંચક-ફળની પ્રાપ્તિ થાય છે. (નિર્મલ = નિર્મળ, કર્મમળથી રહિત; સાધુ = મુનિ, સદ્‌ગુરુ; ભગતિ = ભક્તિ; લહી = પ્રાપ્ત કરીને; યોગ = જોડાણ, સંયોગ, મેળાપ; અવંચક = વંચના રહિત, ન ઠગનારું, કપટરહિતપણું; કિરિયા = ક્રિયા; તિમ = એ રીતે; સહી = ચોક્કસપણે).

**ભાવાર્થ :** આનંદઘનજી અહીં ત્રણ પ્રકારના અવંચકપણાથી મોક્ષમાર્ગની સિદ્ધિ બતાવે છે. અને તે છે, યોગ-અવંચક, ક્રિયા-અવંચક અને ફળ-અવંચક. અવંચક એટલે વંચનારહિતપણું, કુટિલતારહિતપણું, માયાચાર વગરનું, ન ઠગનારું. તેનો બીજો અર્થ એમ પણ થાય છે કે રામબાણ જેવું અચૂક ફળ આપનારું. વંચકપણું અથવા વંચનાબુદ્ધિ એટલે કોઈપણ કાર્ય હૃદયમાં કપટ કે માયા રાખીને કરવું. પરિણામે તે કાર્ય યથાર્થ રીતે, જે પ્રકારે થવું જોઈએ તેમ થતું નથી અને તેથી ધાર્યું ફળ આપતું નથી, પણ વિપરીત ફળ આપે છે.

મોક્ષમાર્ગમાં પણ 'કપટરહિત થઈ આતમ અરપણા' તે પહેલું પગથિયું છે. માયાશલ્ય રાખીને થતી ધાર્મિક ક્રિયાઓ કે અનુષ્ઠાનો યથાયોગ્ય મોક્ષરૂપી ફળ આપતાં નથી, કારણ કે કપટથી આત્મા પોતાના નિષ્કપટ સરળ સ્વભાવ તરફ કઈ રીતે જઈ શકે ?

મોક્ષમાર્ગમાં પણ માયાચાર કે વંચકપણું કઈ રીતે હોઈ શકે ? તે એકાદ ઉદાહરણ દ્વારા જોઈએ. કોઈપણ ધાર્મિક ક્રિયા, જેમ કે મંદિરે જવું, ભક્તિ કરવી, શાસ્ત્રવાંચન કરવું વગેરે કરવા પાછળ ધ્યેય શું છે તે ઘણું અગત્યનું છે. મંદિરે જવાનું પ્રયોજન એ હોવું જોઈએ કે ભગવાનનાં દર્શન-પૂજા-ભક્તિ

કરી તેમના સ્વરૂપનો પરિચય કરવો અને તેમના ગુણોના અંશોનો પોતામાં આવિર્ભાવ કરવો. પરંતુ જો તેની પાછળ હેતુ એવો હોય કે તેનાથી પુણ્ય મળે કે જેથી સંસારની સાધન-સંપત્તિ મળે, તો તે વંચનાબુદ્ધિ કહેવાય, કારણ કે ભગવાન પાસે જતાં તો ત્રણવાર 'નિસીહિ' કહીએ છીએ. પરંતુ અંતરમાં તો સંસાર જ માગીએ છીએ ! આમ, પોતે જ પોતાની જાતને ઠગે છે, તે વંચકપણું છે. તે જ રીતે ભક્તિ કરતાં કે શાસ્ત્રવાંચનાદિ કરતાં 'પોતે ધાર્મિક છે' એવું દેખાડવાનો પ્રયત્ન હોય તો તે વંચકપણું છે. ટૂંકમાં, 'આ લોકની અલ્પ પણ સુખેચ્છા' થી કોઈપણ ધર્મકાર્ય થાય તો તે વંચનાબુદ્ધિ છે, કારણ કે આત્મા ત્યાં શાશ્વત સુખના માર્ગથી વંચિત રહી જાય છે. 'વંચનાબુદ્ધિ' વિશે શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક-૫૨૯ માં સુંદર પ્રકાશ પાડ્યો છે, તે જોઈએ :

"(સત્સંગ, સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રાદિ) સાધનની આરાધના જીવને નિજસ્વરૂપ કરવાના હેતુપણે જ છે, તથાપિ જીવ જો ત્યાં પણ વંચનાબુદ્ધિએ પ્રવર્તે તો કોઈ દિવસ કલ્યાણ થાય નહીં. વંચનાબુદ્ધિ એટલે સત્સંગ, સદ્‌ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે માહાત્મ્યબુદ્ધિ ઘટે તે માહાત્મ્યબુદ્ધિ નહીં, અને પોતાના આત્માને અજ્ઞાનપણું જ વર્ત્યા કર્યું છે, માટે તેની અલ્પજ્ઞતા, લઘુતા વિચારી અમાહાત્મ્યબુદ્ધિ નહીં..."

આવી વંચનાબુદ્ધિમાં આ જીવ અટવાઈ ન જાય તે માટે આનંદઘનજી ત્રણ પ્રકારના અવંચકપણાનો ઉલ્લેખ કરે છે, જેને સાધવાથી ચોક્કસપણે કોઈ રીતે ઠગાયા વગર મોક્ષમાર્ગમાં આગળ વધી શકીએ.

**યોગ-અવંચક :** *"નિર્મળ સાધુ ભગતિ લહી"* (આ ગાથાનું પ્રથમ ચરણ) - આ છે યોગ-અવંચક. નિર્મળ સાધુ એટલે કર્મમળથી રહિત અથવા મુખ્ય એવા મોહરૂપી કર્મમળનો જેમણે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કર્યો છે એવા જ્ઞાની સત્પુરુષો અને જેનો આપણા ઉપર વિશેષ ઉપકાર છે તેવા સદ્‌ગુરુ. શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક-૧૭૨ માં જે કહ્યું છે કે, "સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું, તેમનાં ચરિત્રોનું સ્મરણ કરવું" એ આદિ જે સપ્તપદી ત્યાં કહી છે તેનું આરાધન, તે છે "નિર્મળ સાધુની ભક્તિ" રૂપ અવંચક યોગ. 'યોગ' એટલે આવા આત્મજ્ઞાની સદ્‌ગુરુનો ભેટો થવો અને તે 'અવંચક' એટલા માટે કે ગુરુ-શિષ્યના આ મેળાપમાં કોઈ માયાચારને અવકાશ ન હોય. નથી તે સદ્‌ગુરુ તે ભક્તિને ઇચ્છતા કે નથી તે શિષ્યને સદ્‌ગુરુ પ્રત્યે કોઈપણ જાતની લૌકિક કામના. સદ્‌ગુરુની કરુણા પણ નિષ્કારણ છે અને શિષ્યની ભક્તિ પણ નિષ્કામ છે - માત્ર પોતાનો અહંકાર ઝુકાવવા માટે છે અને તેથી આ 'અવંચક યોગ' છે. ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર, શ્રીમદ્‌જી અને શ્રી સૌભાગ્યભાઈ, શ્રીમદ્‌જી અને લઘુરાજ સ્વામીનો પ્રથમ મેળાપ આવા જ અવંચક યોગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

માત્ર સદ્‌ગુરુનો યોગ થવો તે અવંચક યોગ નથી પરંતુ સત્-શિષ્ય અને સત્-ગુરુનો યોગ, યોગ્ય નિમિત્ત અને તૈયાર ઉપાદાનની સંધિ, તે છે 'અવંચક યોગ'. શિષ્ય જો અલ્પ પણ નિદાનબુદ્ધિ રાખે કે સ્વચ્છંદને પોષે તો તેનું 'મોક્ષ' તે ધ્યેય બન્યું નથી. માટે ત્યાં માયા છે, વંચના છે અને ગુરુ જો શિષ્ય પાસે કંઈપણ લૌકિક અપેક્ષા રાખે તો ત્યાં પણ વંચના છે. માટે જ શ્રીમદ્‌જીને પત્રાંક-૫૫ માં કહેવું પડ્યું કે, "અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરુષ

મળ્યા નથી'' - આ છે અવંચક યોગની ખામી અને ''....નહીં તો મોક્ષ હથેળીમાં છે.'' - એટલે જો અવંચક યોગ પ્રાપ્ત થાય તો અવશ્ય મોક્ષરૂપી અવંચક ફળની - નિશ્ચિત ફળની પ્રાપ્તિ થાય.

**ક્રિયા-અવંચક :** સદ્‌ગુરુનો અવંચક યોગ પ્રાપ્ત થયા પછી તેમની આજ્ઞા પ્રમાણે મન, વચન, કાયાની ક્રિયા આત્મલક્ષે કરવી તે ક્રિયા-અવંચક છે. જીવ નિજછંદે ચાલી સ્વમતિકલ્પનાએ ધાર્મિક ક્રિયાઓ કરે તો તેમાં ક્યારેક ઊંડે ઊંડે પણ લૌકિક કામનાઓ રહી જાય છે અથવા તો 'હું જાણું છું, હું સમજુ છું, મને ખબર પડે છે' એવું મિથ્યાભિમાન આવી જાય છે અથવા તો *''લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન''* એવું પણ બને છે. તેથી ક્રિયામાં જ અટવાઈ જઈ, તેમાંજ સંતુષ્ટ થઈ આગળ વધી શકતો નથી. ક્રિયા જે સાધન હતી તે જ સાધ્ય બની જાય છે. આમ, આત્મલક્ષ વગરની ક્રિયાઓ આત્મવંચના કરાવે છે. આનંદઘનજીએ જ આવી ક્રિયાઓ માટે અન્ય સ્તવનોમાં કહ્યું છે કે :

- ''જે કિરિયા કરી ચઉગતિ સાધે,
  તે ન અધ્યાતમ કહીએ રે.''
- ''એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
  ફળ અનેકાંત લોચન ન દેખે.''

સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે જ્યારે વર્તીએ ત્યારે સદ્‌ગુરુ આવી વંચનાબુદ્ધિથી છોડાવી જ્ઞાન અને ક્રિયાનો સમન્વય કરાવે છે. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તેનું ભાન કરાવી આપણી પાત્રતા પ્રમાણે ક્રિયા કરવાની આજ્ઞા આપે છે. શ્રીમદ્‌જી પત્રાંક-૧૮૩ માં કહે છે, તે પ્રમાણે ક્રિયાની પાછળનો લક્ષ કરાવે છે કે, *''સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી.''* આમ સર્વ ધાર્મિક ક્રિયાઓ વડે એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે અને તે છે *''જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.''* બસ, આ જ છે ક્રિયા-અવંચકપણું, જ્યાં મોક્ષ સિવાય કોઈ ઇચ્છા નથી, કોઈ વંચકતા નથી.

**ફળ-અવંચક :** સદ્‌ગુરુની ભક્તિરૂપ અવંચક-યોગ અને તેમની આજ્ઞા આરાધનપણે અવંચક-ક્રિયા - આ બંનેનો સુમેળ થતાં અવશ્ય આત્મજ્ઞાન અને મોક્ષરૂપી ફળ મળે છે, જેને ફળ-અવંચક કહેવાય છે. અવંચક યોગ અને ક્રિયારૂપ કારણ મળતાં હવે વિશ્વમાં કોઈ એવું તત્ત્વ નથી કે તેને શાશ્વત આનંદના માર્ગથી વંચિત રાખી શકે. યોગ્ય કારણ મળતાં નિશ્ચિતપણે યોગ્ય કાર્ય થાય જ, એવો અટલ સિદ્ધાંત તેને 'સાદિ અનંત સમાધિ સુખ' - એ રૂપ અવંચક-ફળની પ્રાપ્તિ કરાવે છે. અનેક જ્ઞાનીપુરુષો આ વાતનું સમર્થન કરતાં શું કહે છે, તે જોઈએ.

(૧) માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. (શ્રીમદ્‌ રાજચંદ્ર - પત્રાંક-૭૬)

(૨) લોકો સેવે કદી ધનિકને, તો ધની જેમ થાય;
સેવા થાતાં પ્રભુપદ તણી, આપ જેવા જ થાય.
(ભક્તામર સ્તોત્ર-ગાથા-૧૦-ભાવાનુવાદ)

(૩) આચાર્યશ્રી અમૃતચંદ્રદેવ પણ છ મહિનામાં આવા અવંચક-ફળની ગેરંટી આપે છે, તે શ્રી સમયસાર કળશ-૩૪ ના અભ્યાસથી જોઈ શકાશે.

આનંદઘનજીએ અહીં જે ત્રિવિધ અવંચકપણાનું માહાત્મ્ય બતાવ્યું તેની વિશેષ સમજણ માટે આ જ વાતને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'આઠ દૃષ્ટિની સજ્ઝાય' માં પ્રથમ દૃષ્ટિ-ગાથા ૧૧ થી ૧૪ માં કહી છે, તેનો અભ્યાસ

વિશેષ લાભદાયક થશે.

અવંચક યોગ, ક્રિયા અને ફળના ત્રિવેણી સંગમથી કેવી કૃતકૃત્યતા થાય તેની વાત હવે આ સ્તવનના અંતિમ ચરણમાં આનંદઘનજી કહે છે :

**પ્રેરક અવસર જિનવરુ, સખી૰ મોહનીય ક્ષય જાય, સખી૰**
**કામિતપૂરણ સુરતરુ, સખી૰ આનંદઘન પ્રભુ પાય, સખી૰**
**મુને૰ ૭**

**શબ્દાર્થ :** એવો અવસર આવશે કે જયારે જિનેશ્વરની પ્રેરણાથી મોહનીયનો ક્ષય થશે. સર્વ કામનાઓને પૂરી કરનાર કલ્પવૃક્ષની જેમ આનંદઘન સ્વરૂપ એવા પ્રભુના ચરણકમળનો આશ્રય મારી મોક્ષરૂપી ઈચ્છાને પૂર્ણ કરી આનંદઘનપદની પ્રાપ્તિ કરાવશે. (જિનવરુ = જિનેશ્વર; મોહનીય ક્ષય= દર્શન અને ચારિત્રમોહનીયનો સંપૂર્ણ નાશ; કામિતપૂરણ = સર્વ કામના પૂરી કરનાર; સુરતરુ = કલ્પવૃક્ષ; પ્રભુ પાય = પ્રભુના ચરણકમળ)

**ભાવાર્થ :** સદ્‌ગુરુના અવંચક યોગથી સમ્યગ્‌દર્શનરૂપી અવંચક ફળની પ્રાપ્તિ થતાં ચંદ્રપ્રભુના દર્શન એટલે કે નિશ્ચયનયથી સ્વરૂપના દર્શન થાય છે. મોહનીય કર્મનો મુખ્ય અંશ એવા દર્શનમોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્રમશઃ ક્ષય થતાં સંસારનો કિનારો આવી જાય છે. આવા નિકટભવી જીવને હવે એક-બે ભવમાં એવો અપૂર્વ અવસર પ્રાપ્ત થાય છે કે જયારે સાક્ષાત્‌ જિનેશ્વર ભગવાનનો ભેટો થાય છે, જે હવે તેના બાકી રહેલા ચારિત્રમોહનીયનો પણ સંપૂર્ણ ક્ષય કરવામાં પ્રેરણાસ્રોત બની રહે છે.

ચંદ્રપ્રભુ જેવા ઉપશમરસના કંદ કોઈ પ્રત્યક્ષ જિનેશ્વરના દર્શન અને તેમની આજ્ઞા આરાધનરૂપ ચરણકમળની સેવા કલ્પવૃક્ષની જેમ તેની સર્વ મનોકામના પૂરી કરે છે. પરંતુ આવા આસન્નભવ્ય જીવની મોક્ષ સિવાય બીજી શું ઈચ્છા હોય ? તેથી કામિતપૂરણ આનંદઘનસ્વરૂપ પરમાત્માની પ્રેરણા અને કૃપાથી તે ભવ્ય જીવ સર્વ ઘનઘાતી કર્મનો ક્ષય કરી સ્વયં પૂર્ણ આનંદઘન પદને પ્રાપ્ત કરી કૃતકૃત્ય થઈ જાય છે. ચંદ્રપ્રભુના દર્શનની તીવ્ર અભિલાષાથી શરૂ થયેલી યોગીશ્વર આનંદઘનજીની ભાવયાત્રા આમ મોક્ષરૂપી અવંચક ફળને પ્રાપ્ત કરી પૂર્ણતાને પામે છે અને 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' બિરાજે છે.

આપણે સૌ આપણને પ્રાપ્ત થયેલ સદ્‌ગુરુના આશ્રયરૂપ અવંચક યોગનો પૂરેપૂરો લાભ ઉઠાવી આનંદઘનજીની જેમ પ્રભુદર્શનની એક ઝલક મેળવી નિજ-આનંદઘનને પ્રાપ્ત કરીએ એવી મંગલ ભાવના સહિત આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ.

આ સ્તવનના અર્થ-ભાવાર્થમાં આનંદઘનજી કે જ્ઞાની પુરુષોના અભિપ્રાયથી મારી અલ્પજ્ઞતાવશ કંઈપણ વિપરીત લખાયું હોય તો તે સર્વ જ્ઞાનીપુરુષોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ ઈતિ શ્રી ચંદ્રપ્રભુ સ્તવન વિચારણા સમાપ્તમ્‌ ॥

## વીણેલા મોતી

મા-બાપ એકના એક...

એક સંતાન સંત બને, બીજો શેતાન.

કાદવ એકનો એક...

પંકજ (કમળ) મઘમઘે અને કીડો ખદબદે.

મન એકનું એક...

ચિંતન ચમકે અને ચિંતા સળગે.

બન્નેનું ઉત્પત્તિસ્થાન છે મન, પણ ચિંતા મનને ખાઈ જાય છે અને ચિંતન મનનો ખોરાક બને છે. મનમાં ચિંતા ઊપજે છે ત્યારે મોકાણ મંડાય છે અને ચિંતન પ્રગટે ત્યારે મહોત્સવ મંડાય છે.

**સંકલન : શ્રી પ્રતાપભાઈ મહેતા (પૂના)**

# અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
(ક્રમાંક - ૧૨)

**વલભજી હીરજી 'કેવલ'**

**ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,**
**સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;**
**રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,**
**સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.અપૂર્વ૦૧૨**

પૂર્ણ વીતરાગદશામાં સાધક જીવનો ઉગ્ર પુરુષાર્થ વળતાં, નિર્ગ્રંથ મુનિદશામાં કોઈ કોઈ વખત બબ્બે મહિના અણાહારક દશાનો સહજ અવસર બની જાય છે, છતાં મનમાં તાપ નહીં, કૃશતાની ગ્લાનિ નહીં, ખેદ નહીં, પણ સમતાની વૃદ્ધિ થતી જાય. એવી મોક્ષસાધક દશાને ધન્ય છે. પૂર્ણ શુદ્ધ સ્વરૂપ શીઘ્ર પ્રગટ થાઓ, એ ભાવના ધારાવાહી અખંડપણે જ્યાં ઘૂંટાતી હોય ત્યાં તે ભાવના સંસારના ભાવને ટકવા ન દે. અણાહારક ચૈતન્યની રમણતામાં પુરુષાર્થની જમાવટ ઘૂંટાતી હોય ત્યાં એવી અપૂર્વ દશાનો અંશ ઉઘાડીને ધર્માત્મા તેવી ભાવનામાં વર્તે છે.

ઘોર તપસ્યાથી શરીર જીર્ણ થઈ ગયું હોય, શરીરના હાડકાં ખખડતાં હોય, એવા મુનિપદની ભાવના શ્રીમદ્ સંસારમાં રહીને કરે છે. 'અપૂર્વ અવસર' પુરુષાર્થથી આવે છે અને ચૈતન્યશક્તિનો અનુભવ વધતાં પોતાની શક્તિને સાધક જીવ ગોપવે નહીં.

**'સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;'** મારામાં જ અનંતી તૃપ્તિ છે તો કોનાથી રીઝું ? મુનિને કોઈ વખત આહારની વૃત્તિ આવી. આહાર પુષ્ટ મળ્યો, છતાં તેમાં પ્રસન્નતાનો વિકલ્પ નહીં એવી ઉત્કૃષ્ટ સમભાવ દશા મુનિને સહજ હોય છે. મુનિને બાહ્ય વૃત્તિ જ નથી તેથી આહાર પ્રત્યે રાગ નથી. મુનિ એવી ભાવના ભાવે કે મારા અણાહારક સ્વભાવમાં જ્ઞાનની સ્થિરતા સિવાય કંઈપણ ઉપાધિ ન જોઈએ. મારા સ્વરૂપની રમણતામાં આ 'લપ' નો વિકલ્પ શો ? સર્વ છૂટી જાઓ, હું અસંગ છું.

અતિ મલિન એક રજકણથી શરૂ કરીને પુણ્યમાં ઉત્કૃષ્ટ એવા વૈમાનિક દેવની ૠદ્ધિ એ સર્વ જડ પુદ્‌ગલની વિકારી જાત છે, તે મારા ચૈતન્ય સ્વરૂપને ગુણ કરનાર નથી. મુનિને તેનો મહિમા નથી. પોતાને જે અનંત સુખ સ્વરૂપ લક્ષમાં છે તે સ્વરૂપ પ્રગટ કરવાનો ઉત્સાહ વર્તે છે. કોઈ નિમિત્તમાં અટકવાનો ભાવ નથી. ચારિત્રમોહને ક્ષય કરવાની ભાવના છે. સત્સમાગમ વિના અપૂર્વ અવસરની પ્રાપ્તિ હોય નહીં.

સમ્યગ્દર્શન થયા પછી મુમુક્ષુને ચારિત્રની ભાવના વધતી જાય છે અને અણાહારક, અશરીરી ક્યારે થાઉં એ વિચાર આવે છે. આહારની ઈચ્છા પણ ન થાય એવી દશામાં આત્મશાંતિ એટલે કે પરમ સંતોષ હોય છે તેથી બાહ્ય વૃત્તિ કે આકુળતા હોતી નથી. ૠષભદેવ ભગવાનને બાર માસને પારણે શેરડીનો રસ મળ્યો, છતાં સમતા સ્વરૂપમાં તે સંબંધી વિકલ્પ નથી કે હર્ષ નથી. મુનિશ્વરના સંયમ સાધનને પોષણ મળ્યું. એવો વીતરાગ ભાવ સદાય ટકી રહો. તેનાથી દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ સંયમની પુષ્ટિ થશે એમ ભક્તિભાવથી ભક્તો હર્ષ કરે અને ભાવના ભાવે કે એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ? **(ક્રમશઃ)**

# મહાવીર પ્રભુને કેવળજ્ઞાન

B B B B B B B B B B B B B B B B B B B B B B B B

સમ્મેદશિખર તીર્થની સમીપમાં ૧૫-૨૦ કિલોમીટર દૂરી પર જાંભિક ગામ અને ઋજુવાલિકા નામની નદી છે. જેવું સુંદર નામ એવી જ સુંદર એ નદી છે. મહાવીરપ્રભુ સમ્મેદશિખરથી વિહાર કરતા કરતા આ નદીકિનારે પધાર્યા અને સ્ફટિક જેવી એક સ્વચ્છ સુંદર શિલા પર ધ્યાનસ્થ થયા. વૈશાખ માસનો ધોમધખતો તાપ તપી રહ્યો હતો. પણ પ્રભુ તો ચૈતન્યની શાંતિના હિમાલયની ગુફામાં બેઠા બેઠા અપૂર્વ વીતરાગી - ઠંડક વેદી રહ્યા છે. અને જાણે કુદરત પણ અનુકૂળ થઈને પ્રભુની સેવા કરતી હોય એમ એક ઘટાદાર શાલ્મલિવૃક્ષ પ્રભુ ઉપર શીતલ છાયા ફેલાવી રહ્યું છે. અહા, ચૈતન્યના સાધક પ્રભુને આખું જગત અનુકૂળ વર્તે છે.

પ્રભુ મહાવીર ધ્યાનમાં ઊભા છે.... અહા ! આવા વીતરાગી મહાત્મા મારા કિનારે પધાર્યા... એવા હર્ષતરંગથી ઉલ્લસતી નદી આજે જાણે કંઈ વિશેષ ખુશીમાં હોય તેમ જાંભક ગ્રામ પાસેનું દશ્ય જોવા ક્ષણભર થંભી જતી હતી. સવારના ધ્યાનમગ્ન પ્રભુ... નથી કાંઈ બોલતા. પ્રભુ ગ્રીષ્મના તડકામાં ઊભા હોવા છતાં, પાણીનું નામ પણ લેતા નથી... તેઓ તો આંખ નીચી કરીને અંદરમાં કાંઈક બીજું જ દેખી રહ્યા છે. બહારમાં કાંઈ શોધવાની ઈંતેજારી તેમની મુદ્રા પર નથી. તેમની મુદ્રા પર તો પરમશાંતિ ને પ્રસન્નતા છે. ભક્તિરસથી ઉલ્લસતી ઋજુકા નદી મધુર કલરવ વડે જાણે પ્રભુની સ્તુતિ કરે છે : અહા ! હું શીતળસ્વભાવી હોવા છતાં મારા કરતાંય વધુ શીતળ-શાંતિવાળા આ યોગીરાજને તો મેં આજે જ દેખ્યા. અંતરમાં તેઓ કોણ જાણે કેવી અદ્‌ભુત શીતળતાનું વેદન કરી રહ્યા છે. આવા યોગીરાજ મારા કિનારે આવ્યા તેથી હું ધન્ય બની.

આ બાજુ મોહ સામે લડવા તૈયાર થઈને વીરપ્રભુ ઊભા છે. અનંતગુણની વિશુદ્ધિરૂપ સૈન્ય, શુક્લધ્યાનની શ્રેણીરૂપ બાણાવલી છોડી રહ્યું છે. અનંત આત્મવીર્ય ઉલ્લસી રહ્યું છે. કેવળજ્ઞાનલક્ષ્મી વિજયમાળા લઈને તૈયાર ઊભી છે અને મોહનું સમસ્ત સૈન્ય પ્રતિક્ષણે ક્ષીણ થઈ રહ્યું છે. અહા ! પ્રભુએ શુદ્ધોપયોગરૂપ ચક્રની ધારા વડે મોહનો નાશ કરવા માંડ્યો છે. ક્ષપક શ્રેણીમાં આગળ વધતાં આઠમે-નવમે-દશમે ગુણસ્થાને તો ક્ષણમાત્રમાં પહોંચી ગયા. અરે, અગિયારમા ગુણસ્થાને સ્પર્શયા વગર સીધા બારમા ગુણસ્થાને પહોંચી ગયા. પ્રભુ હવે સર્વથા વીતરાગ થયા અને બહારમાં સૂર્યનો અસ્ત થાય ત્યાર પહેલાં તો વીરપ્રભુના અંતરમાં કદી અસ્ત ન થાય એવો કેવળજ્ઞાન-સૂર્ય ઝગમગી ઊઠ્યો. અહા ! પ્રભુ મહાવીર સર્વજ્ઞ થયા... અરિહંત થયા, પરમાત્મા થયા..“નમો અરિહંતાણં”.

સર્વજ્ઞ પ્રભુ મહાવીર રાગ કે ઈન્દ્રિયો વગર જ પરિપૂર્ણ સુખ અને જ્ઞાનરૂપે પરિણમ્યા. ઈન્દ્રિયો વિદ્યમાન હોવા છતાં, જાણે તે અવિદ્યમાન હોય - એમ પ્રભુએ તેનો સંબંધ છોડી દીધો. પરાધીન ઈન્દ્રિય સુખોથી છેતરાતા વિશ્વને પ્રભુએ બતાવી આપ્યું કે આત્મા ઈન્દ્રિય વિષયો વગર સ્વાધીનપણે સુખી છે. સુખ તો આત્માનો સ્વભાવ છે. ઈન્દ્રિયાતીત અને લોકોત્તમ એવા ભગવાન મહાવીર કેવળજ્ઞાન થતા વેંત જમીનથી ૫૦૦૦ ધનુષ ઉપર અંતરિક્ષમાં બિરાજ્યા. તેમનું શરીર છાયા વગરનું પરમ ઔદારિક બની ગયું. પ્રભુના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા અને અરિહંત પદની પૂજા કરવા સ્વર્ગના દેવો દોડી આવ્યા. ઈન્દ્રે સ્તુતિ કરતા કહ્યું, ‘અહો દેવ ! વીતરાગતા અને સર્વજ્ઞતા વડે જગતમાં સર્વોત્કૃષ્ટ સુંદરતાને પામ્યા છો. આપ પરમ ઈષ્ટ છો.’ ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે

અત્યંત ભક્તિ સહિત સમવસરણરૂપ જિનદરબારની રચના કરી. સર્વજ્ઞ તીર્થંકર જેના નાયક, ગણધરો જેના દીવાન અને દેવો જેના દ્વારપાળ એ ધર્મદરબારની શી વાત ! એક યોજન વ્યાસનો છે આ ધર્મદરબાર. ઉત્તમ છાયા કરી રહેલું દિવ્ય અશોકવૃક્ષ આશ્ચર્ય ઉપજાવતું હતું કે જમીનમાં મૂળિયા વગર આવડું મોટું ઝાડ કેવી રીતે બન્યું ! ભવ્ય જીવો પ્રભુની વાણી સાંભળવા ખૂબ જ આતુર હતા. પણ પ્રભુની વાણી હજી છૂટતી નથી. ૬૬ દિવસ એમને એમ વીત્યા. ત્યાં તો અચાનક ઈન્દ્રભૂતિ-ગૌતમ માનસ્તંભ પાસે આવતાં જ એમનું માન ઓગળી ગયું. સર્વજ્ઞતા અને વીતરાગતાના દર્શન પ્રભુમાં થતાં નમ્રીભૂત થઈને તેમણે સંયમ ધારણ કર્યો. ઈન્દ્ર મહાત્મા ગૌતમને આદરપૂર્વક મુનિવરોની સભા તરફ દોરી ગયા, અને જ્યાં ગૌતમ પ્રભુ પ્રત્યે હાથ જોડીને બેઠા કે તરત જ મહાવીર પ્રભુના સર્વાંગેથી દિવ્યધ્વનિ - દેશના શરૂ થઈ. આ વાણી સાંભળતાં બધા જીવો આનંદમાં તરબોળ બન્યા. તેમાં પરમ ચૈતન્યતત્ત્વનું અચિંત્ય સ્વરૂપ સાંભળીને ઘણાય જીવો એવા ઠરી ગયા કે તત્ક્ષણ નિર્વિકલ્પ થઈને આત્મઅનુભૂતિ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામ્યા. આ રીતે તીર્થંકર મહાવીર ભગવાને રત્નત્રય - તીર્થનું પ્રવર્તન કર્યું - ધર્મચક્રનું પ્રવર્તન કર્યું. ગૌતમસ્વામી રત્નત્રય-સંયુક્ત મુનિઓના નાયક બન્યા. તેમને તે જ ક્ષણે અપ્રમત્તદશા ખીલી ઊઠી. તેઓ ૧૨ અંગના જાણનારા શ્રુતકેવળી થયા. અનેક મહાન લબ્ધિઓ તેમને પ્રગટી. આમ, અત્યંત નિર્માનતાપૂર્વક તેઓ તીર્થંકર મહાવીરના પ્રથમ ગણધર બન્યા. ગૌતમ ઈન્દ્રભૂતિ ઉપરાંત તેમના જ બે ભાઈ અગ્નિભૂતિ અને વાયુભૂતિ તથા શુચિદત્ત, સુધર્મ, માંડવ્ય, મૌર્યપુત્ર, અકંપન, અચલ, મેદાર્ય અને પ્રભાસ - એમ મહાવીર પ્રભુને કુલ ૧૧ ગણધરો હતા. પરમાત્માની વાણીની પ્રસાદી પંચમકાળના ભવ્ય જીવોને માટે સંઘરી રાખી, જેનો પ્રસાદ આજે પણ શ્રી ગુરુપરંપરાથી આપણને મળી રહ્યો છે. વાહ, ધન્ય વીરનું શાસન... ને ધન્ય એ શાસનધારાને અખંડિત રાખનારા સંતો !

**"જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને."**



## ॥ મિચ્છામિ દુક્કડમ્ ॥



***"જાણે-અજાણે, વારે-તહેવારે, અમે ને તમે, સહુ કરી બેસીએ છીએ ભૂલ;***
***ભૂલી જાઓ એ ભૂલોને, નહિતર એ જ ભૂલો, આપણને ખૂંચશે બનીને શૂલ."***

જીવનપંથ એટલો લાંબો અને અટપટો છે કે જો એને વારંવાર ક્ષમાપનાથી સ્વચ્છ કરવામાં ન આવે તો એ કચરાપેટી બની જશે. ક્ષમા માગવી હજી સરળ છે, પરંતુ ક્ષમા આપવી એ કોઈ નિર્બળ વ્યક્તિનું કામ નથી. એ તો માત્ર શૂરવીરોનું જ કામ છે.

શત્રુતા મનમાં રાખીને ધર્મની ઉપાસના કરવી એ વ્યર્થની કસરત કરવા જેવું છે. ભૂલ તો કોઈ પણ વ્યક્તિથી થઈ શકે અને એ મૈત્રીના સંબંધોમાં તિરાડ પાડી શકે છે. આ વેરને કે મનદુઃખને ક્યાં સુધી જીવંત રાખીશું ? ક્યાંક એવું ન બને કે આ મનદુઃખને કે વેરને મનમાં રાખીને જ આપણે દુનિયામાંથી વિદાય લઈ લઈએ ! જો આવું બને તો આ મનુષ્યજીવનની સહુથી મોટી દુર્ઘટના લેખાશે. ક્ષમાપના જ આ દુર્ઘટનાને નિવારવાનો એક માત્ર ઉપાય છે.

જાણતાં-અજાણતાં અમારા તરફથી આપને કંઈ પણ મનદુઃખ થયું હોય તો 'દિવ્યધ્વનિ'ના સુજ્ઞ વાચકમિત્રોને સમસ્ત કોબા પરિવાર તથા સંપાદક તરફથી ભાવપૂર્વકના મિચ્છામિ દુક્કડમ્.

**- સંપાદક 'દિવ્યધ્વનિ'**

# આચરણ તો પરિઘ પરની કર્મલીલા છે

**ધૂની માંડલિયા**

आचार परमो धर्म: । આચાર પરમ ધર્મ છે. મણ વિચાર કરતાં અધોળ આચરણ મૂલ્યવાન છે. તમે શું કહો છો એ નહીં, તમે શું કરો છો એના પરથી તમારો અંદાજ નીકળી શકે. કહેણી અને કરણી વચ્ચે અંતર રહેતું હોય એવા માણસો પર વિશ્વાસ મૂકવામાં થાપ ખાઈ જવાનો સંભવ છે. ટૂંકમાં ખાલી વિચારનું કોઈ મહત્ત્વ નથી, મહત્ત્વ આચરણનું છે. વિચાર એ તો ખાલી વાંસ છે, એમાંથી સૂર ના પ્રગટે. ફૂંકનો કર્મયોગ સધાય તો જ સૂર પ્રગટે. ટૂંકમાં કર્મ પરથી માણસના ધર્મની પિછાન મળે. જીવનમાં આચરણનું જરૂર મહત્ત્વ છે. પણ આચરણ જ જોઈ માણસને તેવો માની લેવામાં પણ ભૂલા પડવાનો એટલો જ સંભવ છે - અને આ સંભવ, ખતરા સુધીનો છે.

આપણી આંખો અને આપણી શ્રદ્ધા પરિઘ પરના, બાહ્ય સપાટી પરના દશ્યો ઝીલવા અને પછી એને સ્વીકારી લેવા ટેવાયેલી છે. ભગવા વેશધારીને સાધુ માની લેવામાં આપણને મુશ્કેલી પડતી નથી. કેડે તલવાર લટકતી જોઈએ તો તેને રાજપૂત-ક્ષત્રિય માનવામાં આપણને અડચણ નથી નડતી. જન્મથી જ આપણને આ શીખવવામાં આવે છે. અને સપાટી પરના ચિત્રોને આપણે માણસનું અંતઃસ્તવ માની કાંતો તેના તરફ ભક્તિભાવ વહેતો કરીએ છીએ કાંતો અહોભાવથી ઉભરાઈ જઈએ છીએ. ટૂંકમાં આપણે છેતરાતા રહીએ છીએ. જે જોયું એ, અને એના આધારે જે મૂલવણી કરી એ બંને ભ્રામક છે એ વાત આપણને સમજાતી જ નથી.

કર્મ અર્થાત્ આચરણના નામ સાથે ઘણી ભ્રાંતિ પ્રવર્તે છે. આવી ભ્રાંતિથી બચવામાં જ આત્મદર્શનની શક્યતા છે. મનુષ્યના વ્યક્તિત્વને બે આયામોમાં વહેંચી શકાય. એક આયામ છે - પોતાનું હોવા પણું ! બીજો આયામ છે - કંઈક કરતા રહેવાનો, અર્થાત્ કર્મઆચારનો. યાદ રાખવા જેવું એ છે કંઈ પણ આચારની પહેલાં પોતાનું હોવું - અસ્તિત્વ જરૂરી છે. બધાં જ આચાર આખરે તો પોતાનાં હોવાને કારણે છે. આચાર કે કર્મને કારણે પોતાનું હોવા પણું નથી. આચાર તો પરિઘ છે, કેન્દ્ર અસ્તિત્વ છે. અસ્તિત્વ આત્મા છે, આચરણ કે આચારનો આપણા જગત સાથે સંબંધ છે.

સાગર પર અનંત લહેરો છે, સપાટી પર તો ખૂબ જ હલચલ છે, લહેરો ઊઠે છે. આ લહેરોની જે ફેલાયેલી જાળ છે તે તેની કર્મની જાળ છે. સાગર સપાટી પર તો સતત કર્મશીલ છે પણ ભીંતર જોશો તો સન્નાટો છે. વધુ નીચે ઉતરશો તો બિલકુલ સન્નાટો છે. એથીય વધુ ઊંડા ઉતરી જોશો તો ત્યાં કોઈ લહેર નથી, કોઈ ભરતી-ઓટ નથી, માત્ર શાંત જળ છે - સાગરની લહરોની નીચે સાગર છે. હંમેશાં જે હોવાપણું છે એ ગહરાઈમાં છે. જ્યારે આપણે કોઈ વ્યક્તિને જોઈએ છીએ ત્યારે તેનું મૂળ અંતઃસ્તવ દેખાતું નથી પણ તેનું આચરણ જ દેખાય છે. વ્યક્તિની અસલી હોવાપણું દેખાવું પણ અસંભવ છે - સાગર પાસે આપ જાઓ છો ત્યારે તરત તમે બોલી ઊઠો છો કે સાગર કેવો સુંદર દેખાય છે - વાસ્તવમાં તમે જે જુઓ છો એ લહેરો છે, સાગર નહીં.

આચાર દેખાય છે, હોવાપણું સદાય અદશ્ય રહે છે. આચાર દશ્ય છે, હોવાપણું અદશ્ય છે - હોવાપણું જ મુખ્ય છે, આચાર ગૌણ છે. ગૌણ દ્વારા મુખ્ય પામી ના શકાય. પામવા જવાની શ્રદ્ધામાં ઠગાવાનો સંભવ છે - આવું કરવાથી આવાં થઈ જશો એ સમજણ ભટકાવનારી છે. મહાવીર નગ્ન હતા - આ નગ્નતા જ આપણને પ્રબળ વૈરાગ્યનું કારણ લાગશે અને એવું આચરવા માટે મન કાર્યરત થશે. પણ નગ્નતા એ મહાવીરની ઓળખ નથી, મહાવીરનો આનંદ, તેમની ચોપાસ વહેતી અહિંસાની ધારાઓ અને તેમની આંખોમાં પ્રભવતી કરૂણા આપણા ધ્યાનમાં નહીં આવે - આપણે બાહ્ય આચારની નકલ કે અનુકરણમાં જિંદગી વેડફી નાખીએ છીએ. ભગવાન બુદ્ધે સાચું જ કહ્યું છે કે મનને ખુશ રાખવું એ એક વાત છે અને ખરેખર ખુશ હોવું તે બીજી વાત છે. આ બીજી વાત પોતાના હોવાપણું ની સાથે સંકળાયેલી છે, આચારની સાથે નહીં.

• • •

## માનવીને ક્યાં ખબર છે કે છ ફૂટમાં જ એની કબર છે !

**પ્રેષક : કિરીટભાઈ એમ. શેઠ**

- ઈશ્વરે સાત વાર આપ્યા. વહેવાર મોટો વાર છે, જિંદગીના અંત સુધી સાથે રહેતો એ વાર છે.
- બુદ્ધિશાળી માણસને બે છેડા ભેગાં કરવાં મુશ્કેલ છે, અભણ હાથીની અંબાડીએ બેસી માલામાલ થાય છે !
- પૂર્વ જન્મના પુણ્યથી મળેલું બુદ્ધિથી ઉપાર્જિત કરેલું મનાય છે, પરંતુ અભિમાન અને અહંકારથી પુણ્ય વપરાઈ જાય છે.
- તેલ છે ત્યાં સુધી જ દીવાનો પ્રકાશ દેખાય છે, બાકી અંધકારમાં જ અથડામણ થાય છે.
- હોંશમાં મદહોશ થઈ લગ્ન કરતા પુત્રના માતા-પિતાનું ક્યારેક પરાક્રમી પુત્રવધૂના પડકારો સાંભળીને જીવન કડવું ઝેર જેવું થઈ થઈ જાય છે.
- જીવન-મરણ વચ્ચેનું અંતર ઘટતું જાય છે, પણ રીટર્ન ટિકિટની તારીખ ક્યાં વંચાય છે ?
- જગતમાં ભગત કોને માનવો તેનો વિશ્વાસ થતો નથી, રોજના નવા નવા સમાચારોમાં કહેવાતા ભગતોના ગોટાળા દેખાય છે !
- સત્યના પૂજારી મહાત્મા ગોળીએ વિંધાય છે, અસત્ય આચરનારાઓ પ્રધાન થાય છે !
- ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર વહેવાર બની ગયા, વગર પૈસે કામ ક્યાં થાય છે ?
- સોના-રૂપાનાં દાગીના પહેરેલા ભગવાનમાં કોઈની નજર જાય છે. ભગવાન પણ સલામત નથી, ત્યાં આમ આદમીનું શું થાય છે !!
- સિનેમા, હોટલ, રેસ્ટોરન્ટમાં નિયમિત જવાય છે, પણ દીનદુઃખીયાઓની ખબર ક્યાં લેવાય છે ?
- ત્યાગને ભોગવનારા જ સમકિતને પ્રાપ્ત કરી શકે છે, ભોગો જ તમને ભોગવી રહ્યાં છે તેનો વિચાર ક્યાં થાય છે ?
- માતા - પિતા, ભાઈ - ભગિની - વનિતાને યમરાજ તાણી લઈ ગયા તેની ફરિયાદ ક્યાં નોંધાવાય છે ?
- લગ્નની રજતજયંતી ઉજવાતાં લાખોનો ખર્ચ થાય છે, પણ વૃદ્ધ મા-બાપ માટે પૈસા ક્યાં વપરાય છે ?
- 'આ સંસાર અસાર છે' તેમ રોજ રોજ કહેવાય છે, પણ કંસારમાં ક્યાં ઓછું ઘી નાખી ખવાય છે !
- આગ્રહ, પૂર્વગ્રહ અને પરિગ્રહ નડે છે તેમ જાણવા છતાંય આકાશમાં રહેલા ગ્રહોની સામે કેમ બંદૂક તંકાય છે ?
- 'માન જાય તો મોક્ષ અહીંયા જ છે' કૃપાળુદેવનું આ વાક્ય સૌને હોઠે છે, છતાંય અપમાન ક્યાં કોઈનું સહન થાય છે ?
- પુષ્પ તણી પાંખડી જ્યાં દુભાય, ત્યાં નહીં જિનવરની આજ્ઞા - તે જાણવા છતાંય પુષ્પનો મોહ ક્યાં મુકાય છે ?
- 'હું આત્મા છું' એમ જાણવા છતાંય શરીરની આળપંપાળમાં જ સઘળું જીવન વીતી જાય છે!
- ફાસ્ટફૂડ ને જંકફૂડ ખાધા પછી ડાયાબિટીસ

અને બ્લડપ્રેશરના મહેમાન થઈ જાય છે, છતાં પણ તેનો મોહ ક્યાં મુકાય છે ?

- દાન-દક્ષિણા અને ભેટસોગાદો તો ગુરુના ચરણે ખૂબ મુકાય છે પણ ગુરુને જોઈતું તમારું મન તો દૂર ભાગી જાય છે.
- ભવરોગનું મૂળ રાગ-દ્વેષ છે મનસુખ, એમ જાણ્યા છતાં તેના ઉપર અતિક્રમણ ક્યાં થાય છે ?
- સુખ-દુઃખના આટાપાટા પર રમતા માનવીને દુઃખમાં મુક્તિનો માર્ગ મળે છે એમ ક્યાં સમજાય છે ?
- જડ અને ચેતનનો જાણે જે ભેદ, તે વીરલા કરશે ભવનો છેદ - આ સમજાય તો મહાવીર બની જવાય છે.
- આત્મવિચાર જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવી શકે છે, એમ જાણવા છતાંય અનાત્માના જ વિચારો કેમ થાય છે ?
- મળેલો મનુષ્યદેહ સર્વશ્રેષ્ઠ છે એમ જાણ્યા છતાંય જીવનની ક્ષણો કેમ વેડફાય છે ?
- મુક્તિ માટે જ મળેલા આ મનુષ્યદેહથી કર્મબંધ કરી દુર્ગતિમાં શા માટે જવાય છે ?
- મૃત્યુ પછી 'પરમાત્મા એ આત્માને શાંતિ આપજો' એમ વારંવાર બોલાય છે, જીવતો હતો ત્યારે તમો જ અશાંતિ ઊભી કરતા હતા તેનો વિચાર ક્યાં થાય છે ?
- કીડી-મંકોડાની અહિંસા ખૂબ પળાય છે, જીવતા માણસ જોડે સારો વહેવાર ક્યાં થાય છે ?
- **'આત્મા જાણ્યો તેણે સઘળું જાણ્યું'** શ્રીમદ્ રાજચંદ્રજીના આ ઉદ્ગારો વારંવાર યાદ આવે છે, છતાં અન્ય વસ્તુ જાણવાની ઇચ્છા કેમ થાય છે ?
- ક્ષણે ક્ષણે **'સહજાત્મ સ્વરૂપ'**ની યાદથી ભાવમરણ રોકાઈ જાય છે, જીવનના અંતે પણ **'સહજાત્મ સ્વરૂપ - હું આત્મા છું'** તેની યાદ આવતાં સમાધિમરણ નિશ્ચિત થાય છે.
- **'કર વિચાર તો પામ'** સર્વધર્મનો સારાંશ છે, છતાં અનિત્ય પદાર્થોની આસક્તિ અને મોહમાં જીવન ચાલ્યું જાય છે.
- શરીર પણ મોહના કારણે છે, તેમાં અનાસક્ત રહેવું એવી જ્ઞાની પુરુષોની આજ્ઞા છે. પણ શરીરનો મોહ ક્યાં મુકાય છે ?
- શાલિભદ્ર અને ધન્નાએ ક્ષણમાં સંસાર છોડ્યો પણ હજુ એવું અતિક્રમણ ક્યાં થાય છે ?
- તીર્થંકરો, ચક્રવર્તી, સાધુપુરુષોએ જે છોડ્યું તે મેળવવા માટે આજે દોડાદોડ થાય છે !!
- વૈરાગ્ય અને અભ્યાસ જ મનને કરશે વશ, કર્મને કહેશે હવે તું ખસ.
- ક્ષણે ક્ષણે **'સહજાત્મ સ્વરૂપ'** યાદ કરવાથી ભાવમરણ અટકી જાય છે. નવા કર્મો થતાં અટકી જાય છે. જૂના કર્મોની નિર્જરા થાય છે.
- ગુરુના ઉપદેશથી વાલિયો લૂંટારો વાલ્મિકી બની જાય છે, રામાયણ ગ્રંથ લખી ઠેર ઠેર પૂજાય છે.
- શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા જીવનમાં ક્યાં વણાઈ જાય છે ? કામ, ક્રોધ, લોભ, મોહના માનમાં જીવનની ક્ષણો લુંટાય છે.
- મિથ્યાત્વ છે મોટું શૂળ, જો હશે તો નહીં મળે મહાવીરનું કુળ.
- આરંભ-સમારંભ અને પરિગ્રહની આગમાં સળગતા માનવીઓને ક્યાં ખબર છે કે છ ફૂટમાં એની કબર છે !!

સંકલન : મિતેશભાઈ એ. શાહ

## પાત્ર ખાલી કાં ?

એક દિવસ એવું બન્યું કે કોઈ એક સાધુ સમ્રાટના મહેલના દરવાજે આવ્યા અને માટેથી બોલ્યા : 'ભિક્ષામ્ દેહિ.' આ સાંભળતા જ સમ્રાટ જાતે દરવાજા પર આવ્યો અને બોલ્યો, ''મહારાજ, આપને ભિક્ષામાં શું જોઈએ ? આપ જે કંઈ કહેશો તે આપવા હું સમર્થ છું.''

સાધુએ પોતાનું તુંબીપાત્ર રાજા સામે ધર્યું અને કહ્યું, ''મારા આ તુંબીપાત્રમાં સોનામહોરો નાખ. બસ, આથી વિશેષ મારે કશું જોઈતું નથી.'' સમ્રાટને મનમાં હસવું આવ્યું કે માગી માગીને સાધુએ થોડી સોનામહોરો જ માગી !

સમ્રાટે સાધુના તુંબીપાત્રમાં સોનામહોરો નાખવા માંડી. પણ શું બન્યું ? સમ્રાટ તુંબીપાત્રમાં સોનામહોરો નાખતો જાય તો યે તુંબીપાત્ર ભરાય નહિ. તુંબીપાત્ર ખાલી ને ખાલી જ રહે !

રાજાએ ભંડારમાંથી બધી સોનામહોરો તેમાં નાખી છતાં તુંબીપાત્ર ખાલી જ રહ્યું. આ જોઈ રાજાને મનમાં ખૂબ આશ્ચર્ય થયું. તેને થયું કે આટલી બધી સોનામહોરો નાખું છું, છતાં તુંબીપાત્ર કેમ ભરાતું નથી !

તેણે સાધુને કહ્યું, ''મહારાજ, આપનું આ તુંબીપાત્ર જાદુઈ લાગે છે. ગમે તેટલી સોનામહોરો તેમાં હું નાખું છું છતાં તે ભરાતું નથી અને ખાલી જ રહે છે !'' સાધુએ રાજાને કહ્યું, ''હે રાજન્ ! તને હું આનું રહસ્ય કહું છું. તું ધ્યાનથી જો તે સાંભળીશ તો તને જીવન અને તૃષ્ણાનો મર્મ સમજાયા વિના રહેશે નહિ. આ તુંબીપાત્ર મેં ખરી રીતે તુંબડામાંથી નથી બનાવ્યું.

'તો શેમાંથી બનાવ્યું છે ?' સમ્રાટે પ્રશ્ન કર્યો.

સાધુ બોલ્યા, ''આ પાત્ર મેં મનુષ્યના હૃદયમાંથી બનાવ્યું છે. આ પાત્ર આ દૃષ્ટિએ અસાધારણ બન્યું છે. મનુષ્યના હૃદયમાંથી બનાવેલા આ પાત્રમાં ગમે તેટલી સોનામહોરો નાખો તોય તે ક્યાંથી ભરાય ? કારણ કે મનુષ્યનું હૃદય કદી ભરાયું તમે સાંભળ્યું છે ? માનવીનું હૃદય ધન ઇચ્છે છે, ઉચ્ચ હોદ્દો અને સત્તા ઝંખે છે. અને આ બધું તેને આવી મળે તો પણ તેને સંતોષ થતો નથી. તે પોતાને પ્રાપ્ત થયેલી વસ્તુઓ વધુ પ્રમાણમાં માગતો જ રહે છે. તેની તૃષ્ણાને કશો અંત નથી. તૃષ્ણા એ અગ્નિ સમાન છે. એમાં તમે ગમે તેટલું નાખ્યા કરો છતાં તે કદી શાંત થતી નથી. તૃષ્ણાવાન માણસને બધું જ પ્રાપ્ત થાય છતાં તે કોઈ દરિદ્રની માફક વધુ ને વધુ ઝંખતો રહે છે. સત્પુરુષોએ સાચું જ કહ્યું છે કે હૃદયની ઇચ્છાઓ સંસારના તમામ પદાર્થો પ્રાપ્ત થવા છતાં શાંત થતી નથી.''

થોડીવાર મૌન રહી સાધુએ સમ્રાટને સર્વ શાસ્ત્રોના અર્કરૂપ વાક્યો કહ્યાં, ''હે સમ્રાટ, હૃદય તો પરમાત્માની પ્રાપ્તિ માટે બનેલું હોય છે. આથી હૃદયમાં પરમાત્મા વિના બીજું કંઈ પણ જો ભરવામાં આવે તો એ ભરાતું નથી, ખાલી રહે છે. આથી જ મનુષ્યે એવો સંકલ્પ કરવો જોઈએ કે મારા હૃદયમાં પરમાત્મા સિવાય કોઈ અન્ય વસ્તુ માટે અવકાશ નથી, તો જરૂર માણસનું હૃદય સભર બનશે અને તે કદી ખાલી રહેશે નહિ.''

## દાન

બુંદેલખંડમાં એક મહાન સંત થઈ ગયા. એમનું નામ ગણેશપ્રસાદ વર્ણીજી ! તેમણે પગે ચાલીને જીવનમાં અનેક તીર્થધામોની યાત્રા કરી હતી. તેઓ જરૂર કરતાં વધુ કોઈ ચીજ પોતાની પાસે રાખે નહિ.

એક વાર તેઓ ચાલતા ચાલતા નાસિક પાસે આવેલા તીર્થધામ ગજપંથ આવી પહોંચ્યા. ગજપંથમાં યાત્રિકો માટેની એક ધર્મશાળામાં તેઓ રાત રોકાયા.

બીજા દિવસે વહેલી સવારે પર્વત પર ચઢવું એમ મનમાં નક્કી કરી, તેઓએ ધર્મશાળાની એક ઓરડીમાં રાત્રિરોકાણ કર્યું. એમની સાથે કોઈ યુવાન ધનવાનનો નબીરો હતો, છતાં તેનામાં ધનનો જરાયે મદ હતો નહિ. તેની ધર્મપરાયણતા પણ પ્રશંસાજનક હતી. સાધુસંતોની સેવા કરવાની ભાવના પણ તેનામાં વિશેષરૂપે અસ્તિત્વ ધરાવતી હતી.

તે વર્ણીજીને કહેવા લાગ્યો, "આપને જો વાંધો ન હોય તો આવતીકાલે સવારે આપણે બંને સાથે જ પર્વત ચઢીએ."તેમણે એ યુવાનને જવાબ આપ્યો, "જરૂર, આપણે બંને સાથે જ પર્વત ચઢીશું. એક કરતાં બે ભલા !"

બીજે દિવસે વર્ણીજી અને પેલા યુવાન બંનેએ પર્વત ચઢવાનું શરૂ કર્યું. પર્વત પર ચઢીને તેમણે ત્યાં પૂજાદર્શન કર્યા. પછી બંને પર્વત ઊતરીને તળેટીએ આવ્યા. તળેટીમાં એક મંદિર હતું. ત્યાં દર્શન કરી પેલા ધનવાન યુવાને પેઢી પર પાંચ રૂપિયા ધર્માદામાં લખાવ્યા.

વર્ણીજી પાસે તો રૂપિયા હતા નહિ. તેમની પાસે માત્ર એક આનો જ હતો, જે તેમણે બીજા દિવસે ચણા લઈને પેટ ભરવા માટે રાખી મૂક્યો હતો. આ એક આનો જ તેમની કુલ મિલકત હતી.

એક આનો જો પોતાની પાસેથી ચાલ્યો જાય તો બીજા દિવસે ભૂખ્યા રહેવું પડે એમ હતું. વર્ણીજીએ વિચાર્યું કે મારે કશુંક દાન તો આપવું જ જોઈએ. તેમણે પોતાની પાસે એક આનો હતો તે હાથમાં લઈ પેઢીના મુનિમને તે આપ્યો અને કહ્યું, "આ એક આના સિવાય બીજો એક પૈસો પણ મારી પાસે નથી. આપ આ આનો લ્યો અને મને કૃતાર્થ કરો."

મુનિમને થયું કે આ આનો જો હું લઈશ તો આ સંતને બીજા દિવસે ભૂખ્યા રહેવું પડશે. તેણે એક આનો લેવાની આનાકાની કરી તો વર્ણીજી બોલ્યા, "તમે એમાં સંકોચ શા માટે રાખો છો ? આવું નાનું દાન કરવાથી મને જે પ્રસન્નતા થશે એ જીવનભર મને સંતોષ આપ્યા કરશે કે મેં પણ કશુંક દાન કર્યું !"

વર્ણીજીએ દાન આપ્યું. બીજા દિવસે તેમને ભૂખ્યા જ રહેવું પડ્યું !

## પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

પાણી વગર જેમ માછલી તડપે, એમ સત્સંગજળ વગર મારું મન તડપે છે. એ તડપનનું કારણ પણ મારું મન જ છે. આગલા ભવોમાં વગર વિચાર્યે બાંધેલા કર્મોને કારણે આ ભવમાં સુખની સર્વ સામગ્રી હોવા છતાં જ્ઞાનાંતરાય એવો છે કે, જ્ઞાનની તૃષા છતાં જ્ઞાનજળ મળતું નથી. કેટલાયે પુણ્યશાળી અને મહત્ પુણ્યશાળી જીવો સત્સંગ અને પરમસત્સંગનો અલભ્ય લાભ લઈ રહ્યા છે અને મારે અનિચ્છાએ સંસારની પ્રવૃત્તિમાં - ઉપાધિમાં સમય પસાર કરવો પડે છે.

હે પરમકૃપાળુદેવ ! આપ એવી કૃપા કરો કે સર્વસંગથી નિવૃત્ત થઈ હું જ્ઞાનમય જીવન જીવી શકું, ધ્યાનમાં લીન થઈ શકું અને પરમાનંદ તેમજ પરમશાંતિનો અનુભવ કરી શકું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

## GIVE TIME TO OUR FAMILY

I was married for 21 years. I stayed in a nuclear family which included me, my wife and my 2 children. My mother use to stay alone.

After 21 years of marriage, my wife wanted me to take another woman out to dinner and a movie. She said, “I love you, but I know this other woman loves you and would love to spend some time with you.”

The other woman that my wife wanted me to visit was my MOTHER, who has been a widow for 19 years, but the demands of my work and my two children had made it possible to visit her only occasionally. That night I called my mother to invite her for dinner and a movie. “What’s wrong, are you well?” she asked.

My mother is the type of woman who suspects that a late night call or a surprise invitation is a sign of bad news. “I thought that it would be pleasant to spend some time with you,” I responded. “Just the two of us.” She thought about it for a moment, and then said, “I would like that very much.”

That Friday after work, as I drove over to pick her up I was a bit nervous. When I arrived at her house, I noticed that she, too, seemed to be nervous about our date. She waited in the door with her coat on. She had curled her hair and was wearing the dress that she had worn to celebrate her last wedding anniversary. She smiled from a face that was as radiant as an angel’s. “I told my friends that I was going to go out with my son, and they were impressed,” she said, as she got into the car. “They can’t wait to hear about our meeting.”

We went to a restaurant that, although not elegant, was very nice and cozy. My mother took my arm as if she were the First Lady. After we sat down, I had to read the menu. Her eyes could only read large print. Half way through the entries, I lifted my eyes and saw Mom sitting there staring at me. A nostalgic smile was on her lips. “It was I who used to have to read the menu when you were small,” she said. “Then it’s time that you relax and let me return the favor,” I responded. During the dinner, we had an agreeable conversation – nothing extraordinary but catching up on recent events of each other’s life. We talked so much that we missed the movie. As we arrived at her house later, she said, “I’ll go out with you again, but only if you let me invite you.” I agreed.

“How was your dinner date?” asked my wife when I got home. “Very nice. Much more so than I could have imagined,” I answered.

A few days later, my mother died of a massive heart attack. It happened so suddenly that I didn't have a chance to do anything for her. Sometime later, I received an envelope with a copy of a restaurant receipt from the same place mother and I had dined. An attached note said: "I paid this bill in advance. I wasn't sure that I could be there; but nevertheless, I paid for two plates – one for you and the other for your wife. You will never know what that night meant for me. I love you, son."

At that moment, I understood the importance of saying in time: "I LOVE YOU" and to give our loved ones the time that they deserve. Nothing in life is more important than your family. Give them the time they deserve, because these things cannot be put off till "some other time."

## THE ELEPHANT ROPE

As a man was passing the elephants, he suddenly stopped, confused by the fact that these huge creatures were being held by only a small rope tied to their front leg. No chains, no cages. It was obvious that the elephants could, at anytime, break away from their bonds but for some reason, they did not.

He saw a trainer nearby and asked why these animals just stood there and made no attempt to get away. "Well," trainer said, "when they are very young and much smaller we use the same size rope to tie them and, at that age, it's enough to hold them. As they grow up, they are conditioned to believe they cannot break away. They believe the rope can still hold them, so they never try to break free."

The man was amazed. These animals could at any time break free from their bonds but because they believed they couldn't, they were stuck right where they were.

Like the elephants, how many of us go through life hanging onto a belief that we cannot do something, simply because we failed at it once before?

Failure is part of learning; we should never give up the struggle in life.

## LOVE IN ACTION

One night a man came to our house and told me, "There is a family with eight children. They have not eaten for days," I took some food and I went. When I finally came to the family, I saw the faces of those little children disfigured by hunger. There was no sorrow or sadness in their faces, just the deep pain of hunger. I gave the rice to the mother. She divided it in two, and went out, carrying half the rice with her. When she came back, I asked her, "Where did you go?" She gave me this simple answer, "To my neighbors-they are hungry also."

I was not surprised that she gave–because poor people are generous. But I was surprised that she knew they were hungry. As a rule, when we are suffering, we are so focused on ourselves we have no time for others. Shouldn't we learn from this?

# જીવનદૃષ્ટિ : દિવાળી પુસ્તિકા

**• વિ. સં. ૨૦૬૮ •**

## સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ

નૂતન વર્ષ નિમિત્તે મોકલાતા મોંઘા Greeting Cards કે જેની માત્ર ઊડતી નજરે જોઈને ઉપેક્ષા કરવામાં આવે છે. તેને બદલે ઓછી કિંમતના પરંતુ સુંદર, પ્રેરક વિચારો ફેલાવતી આકર્ષક પુસ્તિકા ગ્રાહકો, મિત્રો, સ્નેહીઓને નૂતન વર્ષ નિમિત્તે કે માતા-પિતાના સ્મરણાર્થે, જન્મજયંતી કે અન્ય કોઈપણ સારા પ્રસંગે મોકલીએ તો, તેઓ તથા તેમના નિકટના સંબંધીઓ જરૂર વાંચે અને તેમાંથી તેમના જીવનમાં કોઈ સારા ગુણો જાગ્રત થઈ શકે.

આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા** દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી દર વર્ષે દિવાળી પુસ્તિકાઓ બહાર પાડવામાં આવે છે. ગુજરાતી સમાજમાં ઘણી પ્રચલિત થયેલી આ પુસ્તિકાના લગભગ કુલ ૭૦,૦૦૦ નંગના ઓર્ડર આવે છે.

વિ. સં. ૨૦૬૮ની દિવાળી પુસ્તિકા **'જીવનદૃષ્ટિ'** (૪૦ પાના) તૈયાર થઈ ગઈ છે; જે સંસ્થાના કાર્યાલયમાંથી ઉપલબ્ધ થઈ શકશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પુસ્તિકાના પ્રકાશન અને વિતરણમાં નીચે મુજબના નિયમો-મર્યાદા રાખેલ છે :-

(૧) કવર સાથે **'જીવનદૃષ્ટિ'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૪.૨૫ રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૦૦/- |
| | ૫૦૧ થી ૧૦૦૦ પુસ્તિકાઓ સુધી | - રૂા. ૪૦૦/- |

(૬) ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૧૫-૧૦-૨૦૧૧ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

## દિવાળી પુસ્તિકા માટેનું ઑર્ડરફોર્મ

કેટલા નંગનો ઑર્ડર છે ? ______________

નામ છાપવાનું છે ? ______________ હા ______________ના

નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.

| |
|---|
| |

તમારું ઇ-મેલ એડ્રેસ : ______________________________

ફોન નંબર : ______________________________

**નીચેના અન્ય સ્થળેથી પુસ્તિકા લેનારને પુસ્તિકા દીઠ ૨૫ પૈસા પોસ્ટેજ ખર્ચ પેટે આપવાના રહેશે.**

### સંપર્કસૂત્રો

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ
ફોન : ૨૫૩૫૬૬૪૬
મો. ૯૮૨૫૩ ૪૪૯૫૬

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી**
ડૉ. સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪
મો. ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ**
શાલિભદ્ર સ્ટેશનર્શ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૬૫૪૪૬૦૧૫
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્ગુરુપ્રાસાદ**
પુષ્પવીલા, મીઠાખળી
ફોન : ૨૬૫૬૮૪૨૩

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી**
રૂપમ ડ્રાયફ્રુટ્સ
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી નગીનભાઈ પંચમિયા**
C/o. વિનોદ ટી સેન્ટર
ફોન : (૦૨૨) ૨૫૧૧૮૮૯૭

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૯૮૨૦૩ ૨૯૨૭૭

(૫) **શ્રી અશોકભાઈ પી. શાહ**
ફોન : (ઘર) ૦૨૨ - ૨૪૧૬૧૮૪૨
મો. ૦-૯૮૩૩૯ ૫૩૩૩૭

**BANGLORE**

(૧) **શ્રી જયેશભાઈ જૈન**
સુજય એન્ટરપ્રાઈઝ
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯
મો. ૯૩૪૧૦૪૧૮૪૭

**CHENNAI**

(૧) **શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

(૧) **શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : ૨૩૪૬૪૮
મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

(૧) **શ્રી મગનબાપા સેવા સમિતિ**
ફોન : ૨૨૩૫૭૫૩૯
મો. ૯૩૦૧૦ ૧૪૯૪૯

**LIMBDI**

(૧) **શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬ ૫૫૭૦૧

**LAXMIPURA**

(૧) **શ્રી લાલજીભાઈ પટેલ**
ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭ ૪૨૨૭૫

**PALITANA**

(૧) **શ્રી મનસુખભાઈ બારોટ**
મો.૯૮૨૫૯૯૯૬૯૦

**RAJKOT**

(૧) **જ્યોત્સનાબેન કાકુભાઈ મોદી**
મેસર્સ રોકટોક
ફોન : (૦૨૮૧) ૨૪૫૬૦૬૩ (ઘર)
મો. ૯૪૨૬૪ ૬૦૬૨૬

**RAKHIYAL**

(૧) **શ્રી રામજીભાઈ પટેલ**
લોકનાદ શિક્ષણ સંકુલ
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩
મો. ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

(૧) **શ્રી સુરેશભાઈ વી. શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬
મો.૯૮૨૫૩૫૫૯૨૧

**VADODARA**

(૧) **શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/O. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭
મો. ૯૩૭૬૨૧૬૨૬૬

## OVERSEAS

**U. K.**

1. Mrs. Shrutiben Malde
Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
Ph. 208-951-5424
3. Mr. Harshadbhai Sanghrajka
Ph. 208-954-9632

**U.S.A.**

4. Mr. Prafulbhai Lakhani
Ph. 631-423-9647
(O) 516-679-1238
5. Mr. Mahedrabhai Khandhar
Ph. 714-894-2930
6. Mr. Birenbhai Pravinbhai Mehta
Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah
Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji
Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## આપણી સંસ્થામાં આદ. પંડિતશ્રી રતનલાલજીની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન

આપણી સંસ્થાના આમંત્રણને માન આપીને ઈન્દોર નિવાસી મુરબ્બી, વિદ્વદ્વર્ય પંડિતજી આદ.શ્રી રતનલાલજી આપણી સંસ્થામાં પધારીને તા. ૩૦-૯-૨૦૧૧ થી તા. ૫-૧૦-૨૦૧૧ દરમ્યાન સ્વાધ્યાય-સત્સંગનો લાભ આપશે. સર્વ મુમુક્ષુઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

## DIWALI / NEW YEAR GREETINGS BOOKLET IN ENGLISH

This year, we are coming out with a 40 page booklet in English (similar to Diwali Pustika being published in Gujarati) as a unique alternative to the usual costly Greeting Cards and will be useful for both Diwali as well New Year 2012 greetings. With colour title page, it will contain inspiring incidents, quotes and thought-provoking articles from well-known personalities of the world giving us the right perspective to our daily life. We are sure, receiving Greetings in this unique way, will be highly appreciated by your relatives, friends and clientele. Its price is only Rs.6/- including the cost of envelope, ex-Ahmedabad. For your orders (with quantity required), please contact:

Ms. Neha (Koba Ashram) at 079-23276219 /483 / 484 **/ or /**
Shri Ashok P. Shah at 09833953337 **/ or /**
email to **srask@rediffmail.com** with copy to **ashok.koba@gmail.com**

Note: An electronic copy of the booklet (in pdf format) can be sent by email on request to above email address for perusal before placing the order.

## સંસ્થાના નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઉદ્દ્ઘાટનના સંભવિત કાર્યક્રમ અંગે

સંસ્થાના મુમુક્ષુઓ, કર્મચારીઓ તેમજ સંસ્થાની આસપાસના ગ્રામ્યજનોને નિઃશુલ્ક મેડિકલ સેવાઓ ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી સંસ્થા દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ સંસ્થાના વહીવટી કાર્યાલયનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. પ્રભુ-ગુરુની કૃપાથી પૂજ્યશ્રી આત્માનંદજીના જન્મમંગળદિન નિમિત્તે યોજાતી ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર દરમ્યાન તેનું ઉદ્દ્ઘાટન કરવાની સંસ્થાની ભાવના છે.

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં 'આર્ટ ઓફ લીવિંગ'ની ત્રિદિવસીય શિબિર સંપન્ન

આપણી સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળમાં તા. ૧૩-૮-૨૦૧૧ થી તા. ૧૫-૮-૨૦૧૧ દરમ્યાન આદ.શ્રી રોશનીબેન શાહ દ્વારા સંચાલિત 'આર્ટ ઓફ લીવિંગ'ની ત્રિદિવસીય

શિબિર યોજવામાં આવી હતી. આદ.શ્રી રોશનીબેન આપણી સંસ્થાની કાર્યવાહક સમિતિના પ્રમુખ આદ.શ્રી પ્રકાશભાઈ એચ. શાહના પુત્રવધૂ છે. શ્રી રોશનીબેન અવારનવાર આપણી સંસ્થામાં પધારીને ગુરુકુળમાં સેવાઓ આપતા રહે છે. શિબિર દરમ્યાન રોશનીબેને સ્વાસ્થ્યવર્ધક આસનો, પ્રાણાયામ, જનરલ નોલેજ, યાદશક્તિ વધે તેવી રમતો, ૐકારના નાદ, ધ્યાન વગેરે બાળકોને શીખવ્યા હતા. આ ઉપરાંત તેઓશ્રીએ આપણે દૈનિક જીવનમાં કેવી રીતે વર્તવું, ખાવા-પીવા-ઊઠવા-બેસવાની પદ્ધતિઓ વિશે માહિતી આપી હતી. શિબિરના અંતિમ દિવસે 'દીક્ષા' નો કાર્યક્રમ રાખવામાં આવેલ, જેમાં પૂજ્ય બહેનશ્રીના વરદહસ્તે સર્વ વિદ્યાર્થીને રક્ષાસૂત્ર બાંધવામાં આવેલ, જેથી ગુરુ-શિષ્યનો વાત્સલ્યસભર સંબંધ પ્રસ્થાપિત થાય.

## પર્વની ઉજવણી

આપણી સંસ્થામાં મુમુક્ષુ બહેનોએ સંસ્થાના ગુરુકુળના બાળકોને રાખડી બાંધીને શુભકામનાઓ પાઠવી હતી. ૧૫ મી ઓગષ્ટના રાત્રે ગુરુકુળના બાળકોએ દેશભક્તિના ગીતો પ્રસ્તુત કરી દેશપ્રેમની ભાવના વ્યક્ત કરી હતી.

## તપસ્વીના પારણા

આપણી સંસ્થા સાથે સક્રિય રીતે જોડાયેલ આદ.શ્રી દિનેશભાઈ બાટવિયાની સુપુત્રી ચિ. ધૃતિબેને અઠ્ઠાઈ તપની આરાધના કરી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે રક્ષાબંધનના શુભદિને ચિ. ધૃતિબેનના પારણા કરવામાં આવ્યા. આ પ્રસંગે બાટવિયા પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. સમગ્ર કોબા પરિવાર ચિ. ધૃતિબેનની તપશ્ચર્યાની અનુમોદના કરી અભિનંદન પાઠવે છે.

## આપણી સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના ઉલ્લાસભેર વાતાવરણમાં સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૨૫-૮-૨૦૧૧ થી તા. ૧-૯-૨૦૧૧ દરમ્યાન **પૂજ્યશ્રી આત્માનંદજીના** પાવન સાન્નિધ્યમાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના ધર્મસભર વાતાવરણમાં સંપન્ન થઈ. મુંબઈ, પૂના, ચેન્નાઈ, બેંગ્લોર, સાબરકાંઠા, અમદાવાદ જેવા અનેક વિસ્તારોમાંથી ઘણા મુમુક્ષુ ભાઈ-બહેનો આરાધના માટે પધાર્યા હતા. શિબિરનું સુંદર અને સર્વતોમુખી સંચાલન પ્રતિભાશાળી મુમુક્ષુ ભાઈશ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

**સ્વાધ્યાય :**

શાજાપુર (મ.પ્ર.) થી પધારેલા આદ. પંડિતશ્રી **ડૉ. સાગરમલજી જૈને** આત્મશુદ્ધિનું પર્વ સમ્યગ્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર, સમ્યક્‌તપ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે જુદાં જુદાં વિષયોને આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે રાગદ્વેષાદિ વિકારભાવો આત્માનું સ્વરૂપ નથી. નિશ્ચયથી આત્મા શુદ્ધ છે.પર સાથે જેટલું તાદાત્મ્ય તેટલો કર્મબંધ વધુ. પર્યુષણ પર્વમાં વિભાવમાંથી સ્વભાવ તરફ આવવાનો પ્રયત્ન કરવાનો છે. વિભાવો આત્માના નથી છતાં આત્મામાં છે. વિવેક, આત્મસજગતા,

આત્મસંયમ - આ ત્રણ બાબતો  માનવીને પશુથી પૃથક્ કરે છે. સ્વની નિકટ બેસવાનો પ્રયત્ન કરવો તેનું નામ ઉપાસના. વિભાવનો અભાવ તે સ્વભાવ છે. સ્વની હિંસા વિના પરહિંસા સંભવતી નથી. કષાયોથી મુક્ત થવું તેનું નામ મુક્તિ. દેહાસક્તિ કેટલી ઘટી તેની કસોટી તપશ્ચર્યા દરમ્યાન થાય છે. જેનાથી આત્મશાંતિનો અનુભવ થાય તે ધર્મ. સ્વરૂપના સંબંધમાં સમ્યક્ જાણકારી જરૂરી છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર સમ્યક્ હોય તો તે મોક્ષના કારણભૂત છે. રાગદ્વેષથી પર ઊઠીને વસ્તુના યથાર્થ સ્વરૂપને જોવું તેનું નામ સમ્યગ્દર્શન. જેનાથી ચિત્તવૃત્તિનો નિરોધ થાય, જેનાથી આત્મા વિશુદ્ધ બને, જેનાથી રાગ તૂટે, જેનાથી શ્રેયમાં પ્રવૃત્તિ થાય, જેનાથી મૈત્રીભાવ વિકસિત થાય તેનું નામ સમ્યક્જ્ઞાન. પાપનું મૂળ પરિગ્રહ છે. સમ્યક્ચારિત્ર વિના પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ અસંભવિત છે. વિષયો પ્રત્યેની આસક્તિ બંધનરૂપ છે. સંસારે આપણને નથી પકડ્યા, આપણે સંસારને પકડ્યો છે. આત્મશુદ્ધિ માટે તપ આવશ્યક છે. આંતરિક તપ એ અંતરસંશોધનની પ્રક્રિયા છે. દેહ પ્રત્યેનું મમત્વ ઘટાડવાં બાહ્ય તપ છે. સામાયિકમાં સ્વ પ્રત્યે જાગૃત રહેવાનો પ્રયત્ન કરવાનો છે. થયેલી ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરી તેવી ભૂલો ફરી ન કરવાની પ્રતિજ્ઞા લેવી તે પ્રતિક્રમણ છે.

**પૂજ્યશ્રી આત્માનંદજી**એ વચનામૃત પત્રાંક - ૨૧૩ અને શ્રી વ્યાખ્યાનસાર-૨ ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પરમાર્થથી જ્ઞાન એટલે સ્વસંવેદન. જેટલા પ્રમાણમાં જ્ઞાન હોય તેટલા પ્રમાણમાં વૈરાગ્ય હોય. વૈરાગ્ય એ વિવેક સાથે સંકળાયેલો છે. શાસ્ત્રજ્ઞાન અને આત્મજ્ઞાનને સીધો સંબંધ નથી. જૈનદર્શનની કેન્દ્રવર્તી વિચારધારા તે વીતરાગતા છે. કેવળજ્ઞાની સિવાયના તમામ જીવો છદ્મસ્થ છે. સંકલ્પ-વિકલ્પ નાશ પામે ત્યારે સમાધિની પ્રાપ્તિ થાય છે. ૭ મું ગુણસ્થાન એટલે મોક્ષની તળેટી. દુઃખોનું મૂળ મિથ્યાત્વ (અજ્ઞાન) છે. જે આપણું હોય તે સદા આપણી સાથે જ રહે. જેઓને મોહગ્રંથિનો ભેદ થયો છે તેવા જ્ઞાનીઓ આ દુનિયામાં વીરલ છે. જ્યાં સુધી શરીર સ્વસ્થ છે ત્યાં સુધીમાં જલ્દીથી ધર્મની આરાધના કરી લેવી. સત્પુરુષોની આજ્ઞાનુસાર જીવન જીવીશું તો મોક્ષમાર્ગની પ્રાપ્તિ થશે. શરીર એ વેદનાની મૂર્તિ છે. જેમનામાં સત્ પ્રગટ્યું તે સત્પુરુષ. આખો સંસાર 'હું' અને 'મારું' તેના પર ટક્યો છે. મહાપુરુષોના જીવનચરિત્રોને જાણી અંતરથી અહોભાવ થવો જોઈએ. જે સત્પુરુષને ખરેખર ઓળખે છે તે ક્રમે કરીને સત્પુરુષ બને છે. સમ્યક્ત્વ થતાં પ્રભુ-ગુરુ પ્રત્યે અપૂર્વ પ્રેમ પ્રગટે છે. જ્ઞાની તન્મય બનીને દુનિયાના કાર્યો કરતાં નથી. તેમના ઉપયોગનો એક છેડો પરમાત્મા સાથે જોડાયેલો રહે છે.

## ભક્તિસંગીત :

મહાપર્વ દરમ્યાન આદ. સર્વશ્રી પિકોલાબેન તથા ડૉ. નિમેશભાઈ શાહ, યુવા ભક્તિગૃપ કોબા, હસિતભાઈ પટેલ તથા શીલાબેન પંડ્યાએ ભક્તિસંગીત પીરસી સૌને પ્રભુમય બનાવ્યા હતા.

## શ્રી પદ્મપુરાણ (કથાનુયોગ) :

મહાપર્વ દરમ્યાન સંસ્થાને સમર્પિત પ્રતિભાસંપન્ન યુવામુમુક્ષુ બા.બ્ર. આદ. સુરેશજીએ સુંદર, આકર્ષક, તત્ત્વસભર શૈલીમાં શ્રી પદ્મપુરાણ (ભગવાન રામનું જીવનચરિત્ર) પ્રસ્તુત કર્યું હતું. આ ઉપરાંત તેઓશ્રીએ ભગવાન મહાવીર અને તેમની આચાર્ય પરંપરા વિષયક સુંદર માહિતી પીરસી હતી. આદ. શ્રી સુરેશજીની સુંદર કથાશૈલી અને પ્રતિભા જોઈ સૌ મુમુક્ષુઓ હર્ષવિભોર બની ગયા હતા.

**ધ્યાનબેઠકો :**

પર્વ દરમ્યાન આદ. ડૉ. એસ. ટી. કોટક સાહેબ તથા આદ.શ્રી અશોકભાઈ પી. શાહે ધ્યાન વિશે સમજૂતી આપી સૌને પ્રેક્ટિકલ ધ્યાનપ્રયોગો કરાવ્યા હતા.

**જીવનદૃષ્ટિ - દિવાળી પુસ્તિકાનું વિમોચન :**

સમાજમાં સુસંસ્કારોનો પ્રચાર - પ્રસાર થાય તે હેતુથી સંસ્થા દ્વારા છેલ્લા ૩૦ વર્ષોથી દિવાળી પુસ્તિકાઓનું પ્રકાશન થાય છે. વિ.સં. ૨૦૬૮ ની 'જીવનદૃષ્ટિ' દિવાળી પુસ્તિકાનું વિમોચન તા. ૨૯-૮-૨૦૧૧ ના દિવસે આદ.પંડિતશ્રી ડૉ. સાગરમલજી જૈનના વરદ હસ્તે કરવામાં આવ્યું.

**તપની આરાધના :**

कर्मक्षयार्थम् तप्यते इति तपः ।

કર્મની નિર્જરા અર્થે આપણી સંસ્થામાં નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ તપની આરાધના કરી હતી.

(૧) ચિ. હિનલ શૈલેશભાઈ મહેતા - ૮ ઉપવાસ.

(૨) શ્રી સુરેશભાઈ શાહ (કર્મચારીશ્રી) - ૪ ઉપવાસ

આ ઉપરાંત અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉપવાસ, એકાસણા, રસપરિત્યાગ, વૃત્તિસંક્ષેપ જેવી અનેકવિધ તપશ્ચર્યાઓ કરી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે તપસ્વીઓના પારણા થયા. પારણાના દિવસે આદ.શ્રી પ્રતાપભાઈ મહેતા પરિવાર (પૂના) તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. સર્વ તપસ્વી ભાઈ-બહેનોની અમો હૃદયપૂર્વક અનુમોદના કરીએ છીએ.

**પ્રકીર્ણ :**

પર્વ દરમ્યાન ધન્ના-શાલિભદ્રના નાટકની ધાર્મિક વીડિયો કેસેટ તેમજ આચાર્ય વિજયનંદિઘોષસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત 'જૈન ધર્મનો વૈજ્ઞાનિક પ્રેક્ટિકલ અભ્યાસ' વિષયક વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. આ કેસેટમાં આભામંડળ, ધ્યાન, મંત્રજાપનો મહિમા, અભક્ષ્ય આહારમાં થતી હિંસા વગેરે બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પર્વ દરમ્યાન આલોચના, શ્રી આત્મસિદ્ધિપારાયણ યોજવામાં આવેલ. ૮ દિવસ દરમ્યાન સંસ્થાના પ્રકાશનો, સી.ડી., ડી.વી.ડી. તેમજ 'દિવ્યધ્વનિ' ના લવાજમ પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. તા. ૨૮-૮-૨૦૧૧ ના દિવસે આદ.શ્રી પ્રકાશભાઈ એચ. શાહ પરિવાર અને તા. ૨૯-૮-૨૦૧૧ ના દિવસે આદ.શ્રી મધુબેન શેઠના ૮૨ મા જન્મદિન નિમિત્તે તેઓના પરિવાર તરફથી સંસ્થામાં સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. ભોજનાલય વિભાગમાં પર્વ દરમ્યાન સુંદર સેવાઓ બજાવવા બદલ આદ.શ્રી સુરેન્દ્રભાઈ શાહ તથા આદ.શ્રી રેખાબેન શાહ (અમદાવાદ) નું સંસ્થા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. પર્વ દરમ્યાન આદ.શ્રી સુબોધભાઈ શાહ પરિવાર તરફથી મીઠાઈ તેમજ 'સાધકભાવના' અને 'શ્રીમદ્ રાજચંદ્રજીની જીવનસાધના' પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી. એક મુમુક્ષુ ભાઈ તથા એક મુમુક્ષુ બેન તરફથી 'જીવનદૃષ્ટિ' દિવાળી પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી. સાંવત્સરિક પ્રતિક્રમણ બાદ સૌએ એકબીજાને મિચ્છામિ દુક્કડમ્ પાઠવ્યા હતા. મહાપર્વ દરમ્યાન તન-મન-ધનથી સહયોગ આપનાર સૌ મહાનુભાવોને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવવામાં આવે છે.

# શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

**કોબાના ઉપક્રમે**

## -: યુવાવર્ગ માટે જીવનવિકાસલક્ષી શિબિર :-

**તા. ૨૮-૧૦-૨૦૧૧, શુક્રવાર થી તા. ૩૦-૧૦-૨૦૧૧, રવિવાર**

**: સ્થળ :**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા, જિ. ગાંધીનગર-૩૮૨ ૦૦૭
ટે.નં. (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩ ● E-mail : srask@rediffmail.com

આપણે સૌ જાણીએ છીએ કે આ યુગની યુવાન પેઢીની બુદ્ધિપ્રતિભા વિકસતી જાય છે. તે પ્રતિભા અન્ય પ્રકારોમાં અટવાઈ ન જાય, તેમના જીવનમાં નૈતિક મૂલ્યો સમજાય અને સચવાય તે ઘણું આવશ્યક છે. તે માટે સુસંસ્કારોની ખાસ જરૂર છે. આવા શુભ હેતુથી યુવાનોને સુસંસ્કારિત કરવા ઉપરોક્ત સ્થળે યુવાશિબિરનું આયોજન કરેલ છે.

આ શિબિરમાં ૧૫ થી ઉપરના વર્ષના યુવાન ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. દરેક શિબિરાર્થીએ શિબિરમાં પૂરા દિવસ હાજર રહી દરેક કાર્યક્રમમાં ભાગ લેવો અનિવાર્ય છે. માત્ર રજિસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. શિબિરાર્થીઓને નમ્ર અનુરોધ છે કે તેઓ પોતાના મિત્રોને-સ્નેહીજનોને આ શિબિરમાં ભાગ લેવા માટે પ્રેરણાદાયી બને.

### કાર્યક્રમની સામાન્ય રૂપરેખા

★ **પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**ના સાન્નિધ્યમાં આ શિબિર યોજાશે.

★ જીવનવિકાસલક્ષી વાર્તાલાપના કાર્યક્રમો યોજાશે.

★ શિબિર દરમ્યાન નિર્દોષ રમત-ગમત, ધાર્મિક અંતાક્ષરી, ક્વીઝ, સાંસ્કૃતિક કાર્યક્રમો, Self Development Work Shop જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

★ શિબિરાર્થીઓની રુચિ અનુસાર ધાર્મિક વીડિયો શૉ સમયની અનુકૂળતા અનુસાર યોજાશે.

★ તા. ૩૦-૧૦-૨૦૧૧ ના દિવસે સાંજે ૫-૦૦ વાગ્યે શિબિરની પૂર્ણાહુતિ થશે. તે દિવસે સાંજે આપ રોકાશો કે નહિ તે જણાવશો; જેથી આહારની વ્યવસ્થામાં સરળતા રહે.

★ રજિસ્ટ્રેશન ફી રૂા. ૧૫૦/- (એકસો પચાસ રૂપિયા) ભરવાના રહેશે.

★ ઝેરોક્ષ કરેલા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. ફોન ઉપર વાત કરી ફોર્મ મંગાવી લેવું અથવા રૂબરૂ મેળવવાનું રહેશે.

★ પાછળ આપેલાં ખાસ સૂચનો વાંચીને જ ફોર્મ ભરવા વિનંતી છે.

# શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

મુ.પો. કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર) ટે.નં. (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩

ઉપરોક્ત સંસ્થા દ્વારા આયોજિત તા. ૨૮-૧૦-૨૦૧૧ થી તા. ૩૦-૧૦-૨૦૧૧ સુધીની જીવનવિકાસલક્ષી યુવાશિબિરમાં પ્રવેશ મેળવવા માટેનું ફોર્મ.

(૧) પૂરું નામ ..........................................................................

(૨) ઉંમર (જન્મતારીખ સહિત) ..........................................................

(૩) પૂરું સરનામું ......................................................................

..........................................................................................

..........................................................................................

(૪) ટે.નં. .............................................................................

(૫) વર્તમાન વ્યવસાય ..................................................................

(૬) અગાઉની શિબિરનો અનુભવ વિગતવાર દર્શાવવો ....................................

(૭) વિશેષ કૌશલ્યની માહિતી ...........................................................

(૮) પરિચિત કોઈ સદ્ગૃહસ્થ કે સંસ્થાનું સરનામું .......................................

## ખાસ સૂચનાઓ

(૧) ફોર્મ શક્ય હોય તેટલું વહેલું ભરીને **આદ. બા.બ્ર.બહેનશ્રી જનકબેન, આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા, તા. જિ. ગાંધીનગર-૩૮૨ ૦૦૭** ના સરનામે મોકલી આપશો. મોડામાં મોડું તા. ૨૦-૧૦-૨૦૧૧ સુધીમાં ફોર્મ તથા રજિસ્ટ્રેશન ફી મોકલી આપવા વિનંતી. મર્યાદિત સંખ્યામાં શિબિરાર્થીઓ લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે શિબિરમાં પ્રવેશ મળશે. ફોર્મ કે રજિસ્ટ્રેશન ફી સમયસર ન મળ્યા હોય તો તમારું નામ રદ થાય તો ક્ષમ્ય ગણશો.

(૨) શિબરાર્થીએ મોડામાં મોડા તા. ૨૮-૧૦-૨૦૧૧ સવારના ૭-૩૦ સુધીમાં સ્થળે પહોંચવાનું રહેશે.

(૩) બહેનો તથા ભાઈઓ સફેદ અથવા આછા રંગના વસ્ત્ર જ પરિધાન કરે. તેમાં બહેનોએ પંજાબી ડ્રેસ અથવા સાડી જ પહેરવી.

(૪) અંગત વપરાશની વસ્તુઓ તેમજ ખાસ કરીને ઓઢવા-પાથરવાની ચાદર લઈને જ આવવું.

(૫) શિબિરમાં આયોજિત દરેક કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેવાનું આવશ્યક છે.

(૬) આપશ્રી તથા આપનું ગ્રુપ કોઈ વિશેષ કાર્યક્રમ જેમ કે, એકપાત્રીય અભિનય, લઘુનાટિકા કે નિર્દોષ હાસ્યરસ પીરસવા માંગતા હોય તો પહેલેથી જ અમોને પત્ર દ્વારા જણાવવા વિનંતી, જેથી કરી સુવ્યવસ્થા જળવાય.

(૭) આપશ્રીને જેટલા ફોર્મ વધારાના મળે તેટલા નવા યુવામિત્રોને આપ શિબિરમાં લાવી શકો છો. પરંતુ તેઓએ શિબિરના નિયમોનું પાલન કરવાનું રહેશે.

## તપસ્વીને પારણા કરાવતા પૂજ્યશ્રી તથા મુમુક્ષુઓ





## સંસ્થાના 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'માં યોજાયેલ 'આર્ટ ઑફ લીવીંગ' શિબિર દરમ્યાન લેવાયેલ તસવીરો

(તા. ૧૩-૮-૨૦૧૧ થી તા. ૧૫-૮-૨૦૧૧)








Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2009-11 issued by SSP Ahmedabad valid upto 31-12-2011
Licence to post without prepayment No. CPMG/GJ/36/2009-11 Valid upto 31-12-2011


**સંસ્થા દ્વારા પ્રકાશિત 'જીવનદૃષ્ટિ' દિવાળી પુસ્તિકાનું વિમોચન કરતાં**
**આદ. પંડિતશ્રી ડો. સાગરમલજી જૈન (તા. ૨૯-૮-૨૦૧૧)**






**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર-૨૦૧૧ ના અંક માટે રૂા. ૧૧,૧૧૧/-નો આર્થિક સહયોગ
**૧ શ્રીમતી મધુકાન્તાબેન વાડીલાલ શાહ (મઉ)ની પાંચમી પુણ્યતિથિ**
**નિમિત્તે સ્મરણાર્થે હસ્તે : વાડીલાલ ચુનીલાલ શાહ (મઉ, હિંમતનગર)**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર-૨૦૧૧ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**૨ સ્વ. શ્રી જયંતિલાલ છોટાલાલ મોદીના સ્મરણાર્થે**
**હસ્તે : જ્યોત્સનાબેન જયંતિલાલ મોદી પરિવાર (રાજકોટ)**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.


Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shreemad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah